₹ ૧૫/-

માર્ગની તૈયારી

પ્રભુ અર્પણ

માર્ચ - ૨૦૧૯

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

*

પૃથ્વી ઉપર આ રૂપાંતર અને સંવાદિતા બે પ્રક્રિયાઓ વડે સાધી શકાય તેમ છે. એ બે પ્રક્રિયાઓ એકબીજાની વિરોધી દેખાતી હોવા છતાં તેમણે પરસ્પર સંયુક્ત થવું જોઈએ, એકબીજા ઉપર કાર્ય કરવું જોઈએ, તથા પરસ્પરની પૂર્તિ કરવી જોઈએ. તે પ્રક્રિયાઓ આ છે :

(૧) વ્યક્તિગત રૂપાંતર, એટલે કે ભગવાનની સાથે સંપૂર્ણ અદ્વૈત પ્રત્યે દોરી જનાર આંતરિક વિકાસ.

(૨) સામાજિક રૂપાંતર, એટલે કે વ્યક્તિના વિકાસ અને સંવર્ધનને અનુકૂળ પરિસ્થિતિની સ્થાપના.

શ્રી માતાજી

યોગસાધના ભગવાનને ખાતર કરવાની છે. આપણે માગીએ છીએ : ભગવાનનો આવિર્ભાવ — માનવજાતિનું કલ્યાણ નહિ. આપણે અહીં ભગવાનની તપઃશક્તિને મૂર્ત કરવા માટે, અથવા વધુ સાચી રીતે કહેતાં ભગવાનની દિવ્ય તપઃશક્તિ દ્વારા સંચાલિત થવા માટે આવ્યાં છીએ.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૩)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

માર્ચ – ૨૦૧૯ વર્ષ : ૦૫ અંક : ૩

અનુક્રમ

માર્ગની તૈયારી

માર્ગ પરનાં ચિંતનો ૦૬

સ્વ-પ્રભુત્વ ૧૬

સભાન બનવું ૨૨

*

વૃત્ત વિશેષ ૪૦

*

તંત્રી નોંધ : યોગસાધનાની યાત્રા લાંબી અને કઠોર હોય છે. એને માટેની ચોક્કસ તૈયારી કરવાથી યાત્રામાં સહાય પ્રાપ્ત થતી હોય છે. અમુક ચોક્કસ ગુણો અને વલણો જો કેળવવામાં આવે તો છેવટે એ માર્ગ પરના સહાયકો પુરવાર થાય છે. આ વિચારથી જ અમે અત્રે શ્રી માતાજીનાં પહેલાંનાં લખાણો પરત્વે દૃષ્ટિપાત કરવાનું નક્કી કર્યું છે, જે લખાણો માત્ર પ્રેરણાદાયી જ નથી; પરંતુ એ આપણને યાત્રાની તૈયારી કરવા માટે જરૂરી વ્યવહારુ માર્ગો પણ દર્શાવે છે.

હે અવર્ણ્ય શાશ્વતી, તારું મને જ્ઞાન થયું એ દિવસ કેવો તો ધન્ય હતો !
અને જ્યારે આ પૃથ્વી પણ આખરે જાગૃત બનીને તને જાણશે અને કેવલ તારે અર્થે જ જીવન ધારણ કરતી થશે તે દિવસ પણ સૌ દિવસોમાં કેવો તો ધન્ય બની રહેશે.

૯ માર્ચ, ૧૯૧૪ — શ્રી માતાજી

માર્ગ પરનાં ચિંતનો

સેવકનો નમ્ર સ્વાંગ

આ મહિમાવંત પરમ ભાગવત પ્રેમ કે જે આપણી નિર્બળતાઓને લાડ લડાવતો, આપણી ભૂલોને સુધારી લેતો, આપણા ઘા રુઝાવી દેતો, પુનર્જીવન અર્પતા એના પ્રવાહોમાં આપણા આખા આત્માને અંઘોળતો, આપણા અસ્તિત્વના અંતરતમ ઊંડાણમાંથી આપણી ઉપર લળી રહ્યો છે, તે ભાગવત પ્રેમી આગળ આપણા આવેગો અને કામનાઓ આપણી યાતનાઓ અને દારુણતાઓ, આપણી પીડાઓ અને આપણી મથામણો, તથા આપણી અનિયંત્રિત કલ્પના જેને અણઘટતો નાટકીયતાનો વેશ પહેરાવે છે તે બધા અંતરંગી ભાગ્યપલટાઓનો તે શો ભાર ?

કેમકે અંતરમાં વિરાજતી ભગવતી દિવ્યતા પોતાના પ્રભાવનો દાબ દાખવતી નથી. કોઈપણ પ્રકારનો કશો દાવો કદી કરતી નથી, કદી ડરાવતી નથી; તે તો આત્મનિવેદન કરે છે. પોતાની જાતને સમર્પી દે છે, ભૂતમાત્રના ને વસ્તુમાત્રના હૃદયમાં પોતાની જાતને છુપાવી રાખે છે ને તેને વિસારી જાય છે. તે નથી કાઢતી કોઈનો વાંક, નથી કોઈનો ન્યાયાધીશ બનતી, નથી કોઈને શાપ આપતી કે નથી કોઈને ગુન્હેગારીની સજા ફરમાવતી; પરંતુ તે સતત કાર્ય કરતી રહીને, જકડી નાખ્યા વગર પૂર્ણતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે, ઠપકાનાં વચનો ઉચ્ચાર્યા વગર સુધારવાનું સુધારી લે છે, ધીરજ ખોયા વગર પ્રોત્સાહન આપ્યે જાય છે, પોતાની ગ્રહણશક્તિ અનુસાર સૌને ય ભંડારોથી સમુદ્ધ બનાવતી રહી છે. આ છે મા, પોતાના પ્રેમ વડે ધારણ કરતી, ચોકીદાર બની દયા કરતી, હિતવાક્ય કહેતી, આશ્વાસન આપતી મા. તે સર્વ સમજે છે, તેટલા માટે તે બધાંને આધાર આપે છે, ભૂલો જતી કરી બધાંને માફી આપે છે, સર્વને માટે આશા સેવે છે અને સૌને તૈયાર કરે છે. સમસ્તને પોતાનામાં વહન કરતી હોવા છતાં તેની પાસે એવું કશું જ નથી કે જે સઘળાંનું ન હોય. સર્વ ઉપર તે અમલ ચલાવે છે તેથી તો તે સર્વની સેવિકા છે; ને એ કારણથી તો જેઓ તેના સમાન રાજત્વ ઇચ્છે છે તથા તેનામાં રહી દેવત્વ પામવા માગે છે તેઓ નાના હોય કે મોટા, તમામ પોતાના માનવ બંધુઓની મધ્યે આપખુદ નહીં પણ તેની માફક સેવકો બને છે.

સેવક તરીકેનો નમ્રતાઈભર્યો આ સ્વાંગ કેવો સુંદર છે ! આ સ્વાંગ તો તે સર્વનો છે જેઓ સર્વમાં વિરાજમાન પ્રભુનો, વિશ્વસકલમાં ચૈતન્યનો સંચાર કરનાર ભાગવત પ્રેમનો આવિર્ભાવ કરવાના છે, તેની વધામણી આપવના છે....

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : પૃષ્ઠ ૨૨૩-૨૨૪)

*

ઊગતા સૂર્યનો બોધપાઠ

'હિંમત રાખો !' ઊગતો સૂરજ પૃથ્વીને હરહંમેશ જે બોધપાઠ આપે છે તે ધ્યાનમાં લો; એ આશાનો પાઠ છે, આશ્વાસનનો સંદેશો છે.

'ઓ રુદન કરનારાઓ ! ઓ પીડા પામનારાઓ ! ઓ ગભરાઈ ગયેલાઓ ! પોતાના દુર્ભાગ્યની અવધિ અને વેદનાનો અંત ક્યારે આવશે તેની અગાહી કરવામાં અસમર્થતા અનુભવનારાઓ ! જુઓ તમે ! પ્રભાત વિનાની કોઈ રાત નથી; અંધકાર જ્યારે ગાઢમાં ગાઢ હોય છે ત્યારે પરોઢિયું તૈયાર થતું હોય છે. એવું એકે ધુમ્મસ નથી જેને સૂર્ય વિખેરી નાંખતો ન હોય, એવું એક વાદળું નથી જેને તે ઓપ ચડાવતો ન હોય, સૂર્ય કોઈ દિવસે સૂકવતો ન હોય એવું એકે આંસુ નથી, એવું એકે તોફાન નથી કે જેને અંતે તેનું વિજયી ધનુષ્ય પ્રકાશી ઊઠતું ન હોય, સૂર્ય ઓગાળી નાંખતો ન હોય એવો કોઈ બરફ નથી, વિલસતી વસંતમાં તે પલટાવી નાંખતો ન હોય એવો કોઈ શિયાળો નથી.'

અને એ પ્રમાણે તમારે માટે પણ એવો કોઈ સંતાપ નથી જે સમતોલ મહિમાને પ્રગટાવતો નથી, એવું કોઈ દુઃખ નથી જે આનંદમાં રૂપાંતર નથી પામતું, એવી કોઈ હાર નથી જે વિજયમાં ફેરવાઈ નથી જતી, એવું કોઈ પતન નથી જે ઉચ્ચતર શિખરના આરોહણનું રૂપ નથી લેતું, એવી કોઈ નિર્જનતા નથી જે જીવનનું સાક્ષાત નિવાસસ્થાન નથી બનતી, એવો એકે વિસંવાદ નથી જે સુસંવાદિતામાં પરિણત થતો ન હોય; કેટલીક વાર તો બે મન વચ્ચેની ગેરસમજ જ બે હૃદયોને ભાવ-ભેળાં થવા માટે ખુલ્લાં થવાની ફરજ પાડે છે. ટૂંકમાં એવી પાર વગરની કોઈ નિર્બળતા નથી જે બલિષ્ઠતામાં પલટાઈ ન શકે અને સર્વશક્તિમાન તો પ્રસન્ન થઈને પરમ નિર્બળતામાં ય પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે જ ને. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૨૫-૨૬)

*

કૃતજ્ઞતા વિશે સવારની એકાગ્રતા

પ્રત્યેક સવારે તમે જ્યારે જાગો, તમારા દિવસની શરૂઆત કરો તે પહેલાં પ્રેમપૂર્વક, કૃતજ્ઞતાપૂર્વક, પ્રશંસાપૂર્વક આ મહાન બિરાદરી, માનવજાતિના આ ઉદ્ધારકોનો આદર કરો. જે ઉદ્ધારકો આવ્યા છે, આવે છે અને કાળના અંત સુધી માર્ગદર્શક રૂપે આવ્યા જ કરશે. પોતાના બંધુઓના વિનમ્ર અને શાનદાર સેવકો તરીકે પૂર્ણતાના સીધા ઢાળ સર કરવામાં સર્વને મદદ કરવા આ ઉદ્ધારકો આવતા જ રહે છે. એટલે તમે જ્યારે સવારે જાગો ત્યારે એ ઉદ્ધારકો પર તમારા વિચારને એકાગ્ર કરો, — એ વિચારો વિશ્વાસ અને કૃતજ્ઞતાથી સભર હોવા જોઈએ — અને તમને આ એકાગ્રતાની ફાયદાકારક અસરોની અનુભૂતિ તુર્ત થશે. તમારા સાદને એમની સંનિધિ પ્રતિસાદ આપશે એની તમને અનુભૂતિ થશે. એ ઉદ્ધારકોના પ્રેમ અને પ્રકાશ તમને આવરી લેશે, એના રંગે તમને રંગી નાખશે. પછી રોજ એ ઉદ્ધારકોને સમજવાનો થોડો પ્રયત્ન કરો, એમને થોડો વધુ પ્રેમ કરો અને સાથોસાથ એમની વધુ સેવા કરો તો એ તમારે માટે વધુ ફળદાયી અને સરળ પ્રક્રિયા બની રહેશે. પછી અન્યને તમે જે મદદ કરશો તે વધુ અસરકારક બની રહેશે. તમારું હૃદય પછી સ્થિર હર્ષનો અનુભવ કરતું થઈ જશે. (CWM 2 : 115-16)

*

સફળતા અને નિષ્ફળતા

પોતાના આદર્શને મૂર્ત કરવા માટે વર્તમાન ક્ષણના સંતોષનો ત્યાગ કરતા શીખી લેવું એ એવા લોકો માટે મહાન કળા છે, જે લોકો તેમના આ ક્ષણિક, સમગ્ર અસ્તિત્વનું મહત્તમ ફળ પ્રાપ્ત કરવા માગતા હોય છે. 'સફળ' લોકોની અગણિત શ્રેણીઓ છે. આ બધી શ્રેણીઓ નક્કી થતી હોય છે. એમના આદર્શની વધુ કે ઓછી વિશાળતા, ઉમદાતણું, જટિલતા, શુદ્ધતા અને તેજસ્વીતા દ્વારા. વ્યક્તિ ચીંથરા વેણનાર તરીકે સફળ થઈ શકે છે, જગતના સ્વામી તરીકે સફળ થઈ શકે કે સંપૂર્ણ સન્યાસી તરીકે. અલબત્ત, આ બધા કીસ્સાઓમાં તે વિભિન્ન સ્તરે સફળતા પ્રાપ્ત કરતી હોય છે. સફળતાને શક્ય બતાવતું તત્ત્વ તે વ્યક્તિનો પૂર્ણ અને વ્યાપક આત્મ-સંયમ હોય છે. જ્યારે 'નિષ્ફળ' જવા માટે માત્ર એક જ રીત હોય છે. અને એવું થતું હોય છે મહત્તરમાં મહત્તર બુદ્ધિશક્તિ માટે, એકદમ શ્રેષ્ઠ બુદ્ધિ-શક્તિ માટે. નાનામાં નાની વ્યક્તિ માટે, એકદમ સીમિત વ્યક્તિતા માટે, જે લોકો વર્તમાન ક્ષણના સંવેદનને – પોતે જે આદર્શ સિદ્ધ કરવા માગતા હોય છે એ આદર્શની સિદ્ધિને માટે – ઓછું મહત્ત્વ આપવા તૈયાર નથી એવા સર્વ લોકો આ એક રીત – નિષ્ફળ જવાની રીતને અનુસરતા હોય છે. માર્ગને અનુસરવા માટે જરૂરી એવું બળ વ્યક્તિમાં ન હોવાથી વ્યક્તિ નિષ્ફળતા પ્રાપ્ત કરતી હોય છે.

એવી વ્યક્તિ જેણે પોતે જે કંઈ વિચાર્યું હોય તે સર્વ પૂર્ણતયા અને સંપૂર્ણપણે સિદ્ધ કર્યું હોય અને એવી વ્યક્તિ, જે કશું પણ સિદ્ધ કરવા અક્ષમ હોય – એ બે અંતિમો વચ્ચે અલબત્ત, અંતર્વતી અવસ્થાઓની અમર્યાદિત શ્રેણી હોય છે. આ શ્રેણી અસામાન્ય રીતે જટિલ હોય છે, – કારણ, એમાં સિદ્ધિના પ્રમાણમાં તફાવત હોય છે એટલું જ નહિ; આદર્શની અલગ અલગ ગુણવત્તાઓ વચ્ચે પણ તફાવત રહેલો હોય છે. એવી મહત્ત્વાકાંક્ષાઓ છે જે વ્યક્તિગત સ્વાર્થ,–ભૌતિક, લાગણીસભર કે બૌદ્ધિક હોય તેની પાછળ પડે છે. બીજી મહત્ત્વકાંક્ષાઓ એવી હોય છે જે વધુ સાધારણ, વધુ સામૂહિક અથવા ઉચ્ચતર ધ્યેયોનો પીછો કરે છે. અને હજુ અન્ય મહત્ત્વાકાંક્ષાઓ હોય છે જે અતિમાનુષી હોય છે.

અને એ એવા શિખરોને સિદ્ધ કરવા પ્રયત્નશીલ હોય છે, જે શિખરો શાશ્વત સત્ય, શાશ્વત ચેતના અને શાશ્વત શાંતિ પરત્વે અભિમુખ હોય છે. (CWM 2 : 121-22)

*

દુઃખાનુભવ કેવી રીતે કરવો તે જાણવું

જો કોઈ સમયે ઊંડા દુઃખની લાગણી, કરમાવી દેતી શંકા, ને તીવ્ર વ્યથાની લાગણી તમને કચડી નાખી, નિરાશાની ગર્તામાં ધકેલી દે તો એમાંથી બહાર નીકળી ફરીથી શાન્તિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટેનો એક અચૂક માર્ગ છે.

આપણા સ્વરૂપના ઊંડાણમાં એક જ્યોતિ ઝળહળી રહી છે, એની તેજસ્વીતા. અને એની શુદ્ધતા અનુપમ છે; એ જ્યોતિ છે વૈશ્વિક દૈવી સત્‌તાનો સજીવ અને સચેતન અંશ, જે ભૌતિક પદાર્થમાં પ્રાણ પૂરે છે, એને પુષ્ટ કરે છે. જે લોકો એના નિયમને અનુસરે છે એમને માટે એ

એક અસરકારક અને અચૂક એવી માર્ગદર્શક જ્યોતિ છે, એ માર્ગદર્શકને જોઈ, એનો અવાજ સાંભળી, એનું પાલન કરવાની જે લોકો અભીપ્સા સેવે છે તેવા સૌ કોઈ પ્રત્યે એ સહાયક પ્રેમાળ તેમ જ ધીરજ અને આશ્વાસનના સ્રોત સમાન છે. આ માર્ગદર્શક પરત્વેની કોઈ પણ નિષ્ઠાપૂર્વકની અભીપ્સા વ્યર્થ જતી નથી, એના પ્રત્યેનો મજબૂત અને આદરભાવ સહિતનો વિશ્વાસ ક્યારેય નિરાશા પામતો નથી, એની પાસેથી રાખેલી કોઈ અપેક્ષા ક્યારેય નિરાશા ને પામી નથી.

પછી

દુઃખ એવું કંઈ નથી જે અનિવાર્ય હોય, કે એવું કંઈ જે ઇચ્છવાજોગ હોય. પરંતુ એ જ્યારે આપણી પાસે આવે છે ત્યારે એ કેટલું તો સહાયકારક થઈ શકે છે !

આપણું હૃદય ભગ્ન થતું આપણે અનુભવીએ તેવે હરેક પ્રસંગે આપણી ભીતર એક ગહનતર દ્વાર ખૂલતું હોય છે, નવી ક્ષિતિજો દૃષ્ટિગોચર થતી હોય છે, જે છૂપા ખજાનાઓથી સદા સમૃદ્ધ હોય છે અને જેનો સુવર્ણ પ્રવાહ વધુ એક વખત નૂતન અને ઉત્કટ જીવનનો અનુભવ વિનાશને આરે પહોંચેલા જીવને કરાવે છે.

અને આ પ્રકારના એક પછી એક થતાં અવતરણો દ્વારા આપણે એવા પડદા સમીપ પહોંચીએ છીએ, જે પડદાને ઉઠાવતા જ પ્રભુ પ્રકટ થતા હોય છે. અને એવે સમયે સમગ્ર સ્વરૂપને ભેદીને પસાર થઈ જતી જીવનશક્તિની તીવ્રતાનું વર્ણન, હે પ્રભુ, કોણ કરી શકે એમ છે ? પ્રકાશનું જે પૂર પછી આવતું હોય છે તેના તેજનું, સમગ્ર સ્વરૂપને સદાને માટે રૂપાંતરિત કરી દેતા એ પ્રેમની ઉદત્તતાનું વર્ણન કોણ કરી શકે એમ છે ? (CWM 2 : 20-21)

*

કઠિન કસોટી અને સ્ખલન મધ્યે

કઠિન કસોટીએ અને સ્ખલને જો તને નીચે નાખી દીધો હોય, દુઃખના સાગરમાં તું ડૂબી ગયો હોય, તો પણ કશો શોક કરતો નહીં. કારણકે ત્યાં જ તને દિવ્ય સ્નેહ અને પરમ આશિષ આવી મળશે. પાવનકારી દુઃખોના તપન — પાત્રમાં થઈને તું પસાર થયો છે, તેટલા માટે મહોજ્જવલ આરોહણો તારાં થયાં છે.

તું વિજય રણમાં છે તો ભલે મૌનની વાણીને સાંભળ, બહારના જગતની પ્રશંસાના અને ‘વાહ વાહ’ ના પોકારે તારાં શ્રવણોનું રંજન કર્યું છે, પરંતુ મૌનની વાણી તો અંતરમાં ઊંડાણોના પડઘા અને દિવ્ય સૂરતાઓનું સંગત જગાડી તારા આત્માને આનંદિત કરશે.

તું ગહન રાત્રિમાં ગતિ કરી રહ્યો છે : તો ભલે, રાત્રિના અમૂલ્ય ખજાનાઓ ભેગા કર. ઝળહળતા સૂર્યપ્રકાશથી બુદ્ધિના માર્ગો અજવાળાય છે, પણ શુભ્ર જ્યોતિષ્કોએ ભરી રાત્રિમાં પૂર્ણતાના ગુપ્ત પંથ તથા આત્માના ધનભંડારોની ગૂઢ ચાવી હાથ આવે છે.

તેં અકિંચનતાનો માર્ગ લીધો છે; એ તો તને ભરપૂર થઈ જવાની દિશામાં દોરી જાય છે. જ્યારે તારી પાસે કશું જ ન રહે ત્યારે બધું જ તને આપવામાં આવશે. જેઓ સાચા દિલના,

સીધા અને સરળ છે તેઓને માટે ખરાબમાં ખરાબમાંથી ય સારામાં સારું જ નીપજે છે.

જમીનમાં વવાયેલો દરેક કણ હજાર કણ ઉત્પન્ન કરે છે. દુઃખની પાંખનું પ્રત્યેક સ્પંદ મહિમાધામે લઈ જતું ઊંડાણ બનવા સમર્થ છે.

અને વિરોધો જ્યારે માણસ ઉપર ઝનૂની હલ્લો કરે છે ત્યારે તેને દૂર કરવા માટેની પ્રત્યેક પ્રવૃત્તિ માણસને મહાન બનાવનારી જ નીવડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૨૬-૨૭)

*

સંબંધો પૂઠળેનું સત્ય

બે માનવ જીવનો વચ્ચેનો સંપર્કનો સમય ગાળો એ બે જીવનોને જોડતી સ્વરૂપની અવસ્થાઓની સંખ્યા અને એનું ઊંડાણ, જેની અંદર એ બે જીવનોની સહજ, સ્વાભાવિક પસંદગીઓ કે સહાનુભૂતિની લીલા ટકી રહેતી હોય છે એ હકીકતને આપણે કદાપિ ભૂલવી ન જોઈએ.

પોતાની અંદર અને સર્વ વસ્તુઓમાં રહેલ શાશ્વત સત્ત્વ સાથે જે લોકો આદાનપ્રદાન કરી શકતા હોય તેઓ જ માત્ર સદૈવ એકબીજા સાથે જોડાયેલા રહી શકે છે. સર્વ સમયે, આ વિશ્વમાં કે અન્ય વિશ્વોમાં જે લોકો નજદીકી કે દૂરના મિત્રો રહેલા હોય છે, માત્ર તે લોકો જ સદાને માટે મિત્રો બની રહેતા હોય છે.

અને આવા મિત્રોને આપણે મળીએ કે ના મળીએ એનો આધાર પ્રથમ આપણા અંતરમાં, આપણા સ્વરૂપના અજાણ્યા ઊંડાણોમાં આપણે જે મેળાપની અનુભૂતિ કરીએ છીએ તેના ઉપર રહેલો છે.

વધુમાં, જ્યારે આ પ્રકારના મેળાપની અનુભૂતિ આપણને થાય છે ત્યારે આપણું સમગ્ર વલણ રૂપાંતર પામી જાય છે.

આંતર પ્રભુતા સાથે આપણે જ્યારે એકરૂપ થઈએ, સર્વ સાથે આપણા સ્વરૂપના ઊંડાણમાં આપણે એકત્વ કેળવીએ અને એ પ્રભુતા દ્વારા તથા એ પ્રભુતા મારફતે જ આપણે સર્વ સ્વરૂપોના સંપર્કમાં આવવું જોઈએ. પછી, સર્વ આકર્ષણો અને વિકર્ષણોથી મુક્ત થઈને, સર્વ ગમા-અણગમાઓથી સ્વતંત્ર રહીને એ પ્રભુતાની જે નજીક છે, તેની નજીક આપણે જઈ શકીએ છીએ, જે કોઈ એ આંતર પ્રભુતાથી દૂર છે તેનાથી આપણે દૂર રહી શકીએ છીએ.

(CWM 2 : 73)

*

સહાયના પ્રકારો

આપણા કુટુંબના સભ્યો કે જેમને આપણે દૈવયોગ મળીએ, રસ્તામાં, ટ્રેનમાં, વહાણોમાં, બસોમાં તે સર્વને, (અમુક અપવાદ સિવાય) ભૌતિક સામગ્રીની સહાય આપણે કરીએ તે શ્રેષ્ઠ સહાય કહેવાય....

જે લોકો આપણા પ્રતિ, આકર્ષાયા હોય છે — કારણ કે એમની રૂચિઓ, કળાત્મક કે અન્ય

પ્રકારની આપણા જેવી જ હોય છે તેમની ભાવનાશક્તિને સુધારીને, સમતોલ કરીને અને યોગ્ય દિશામાં વાળીને એમની સંવેદનશીલતાને આપણે સહાય કરવી જોઈએ.

જે લોકો પ્રગતિ માટેની એકસમાન અભીપ્સા દ્વારા આપણા સંપર્કમાં આવ્યા હોય છે તેમને આપણે આપણા ઉદાહરણ દ્વારા સહાય કરી શકીએ. એમને માર્ગ દર્શાવીને, આપણા પ્રેમ દ્વારા એમના માટે માર્ગ સમતલ કરીને આપણે સહાય કરી શકીએ.

છેવટે, જેઓ મનોમય આકર્ષણ અનુભવી આપણી સમીપ આવ્યા હોય તેમને માટે આપણી બુદ્ધિનો પ્રકાશ એમને માટે ચમકાવીને સહાય કરી શકીએ. એમ થતાં જો શકય બને તો આપણે એમના વિચારના ક્ષેત્રને વિસ્તારીને એમના આદર્શને પ્રકાશિત કરી શકીએ. (CWM 2 : 72)

*

સખાવતના પ્રકારો

જેઓ ઓછું જાણે છે તેમને શીખવવું, જેઓ ખરાબ કૃત્ય કરે છે તેમને બળ આપવું, જેના વડે તેઓ પોતાનાં સ્ખલનોથી મુક્ત થાય, જેઓ દુઃખી છે તેમને સાંત્વન આપવું આ બધાં છે સખાવતનાં કાર્યો, જેને યોગ્ય રીતે સમજવામાં, સ્વીકારવામાં આવ્યાં છે. આમ વ્યક્તિગત દૃષ્ટિબિંદુથી જોતાં પ્રત્યેક વ્યક્તિ માટે સખાવત છે; બીજાઓને જેની જરૂર છે એ વસ્તુઓ પોતાનાં સાધનોના પ્રમાણમાં આપણે આપવી.

આ વસ્તુ બે નિરીક્ષણો આપણી સમજ રજૂ કરે છે.

પોતાની માલિકીની ન હોય એવી કોઈ વસ્તુ એક વ્યક્તિ અન્ય કોઈને આપી શકે નહિ.

ભૌતિક દૃષ્ટિએ આ વાત એટલી સ્પષ્ટ છે કે એના પર ભાર આપવાની જરૂર રહેતી નથી. અને બૌદ્ધિક રીતે તેમ જ આધ્યાત્મિક રીતે પણ આ જ નિયમ લાગુ પડે છે.

ખરેખર, વ્યક્તિ પોતે જે શીખી ન હોય તે બીજાઓને કઈ રીતે શીખવી શકે ? કોઈ અશક્ત વ્યક્તિને પ્રજ્ઞાને માર્ગે એવી વ્યક્તિ કઈ રીતે દોરી જઈ શકે, જેણે એ માર્ગ ઉપર વિચરણ ન કર્યું હોય ? વ્યક્તિ જો પોતાના અંતરમાં પ્રેમ ધારણ કરતી ન હોય તો એ પ્રેમને કેવી રીતે પ્રસારી શકે ?

આમ વ્યક્તિ જે વસ્તુ અન્યને આપવા માગતી હોય તે સર્વ વ્યક્તિ પાસે હોવી જોઈએ. કહેવાનો અર્થ એ કે આપનાર વ્યક્તિએ પોતાની જાત ઉપર પ્રભુત્વ કેળવેલું હોવું જોઈએ.

(CWM 2 : 100)

*

ઉદારતા દાખવવાની સાચી રીત

ભૌતિક સંપત્તિઓની ખામીયુક્ત વહેંચણી દ્વારા અમુક વ્યક્તિઓને આળસુ બનવાનું પ્રોત્સાહન આપીને એમના પતનની પ્રક્રિયાને આપણે ઝડપી બનાવતાં હોઈએ છીએ. પ્રયત્નો કરવા પ્રોત્સાહિત કરી એમની પ્રગતિ કરાવવાને બદલે એમને આળસુ બનાવવાના પ્રયત્નો આપણે કરીએ છીએ.

બુદ્ધિ અને પ્રેમ બાબતે આ જ નિયમ લાગુ પડે છે. કોઈ વ્યક્તિને એવું જ્ઞાન આપવું જે એને માટે પચાવવું વધુ પડતું હોય, એવા વિચારો આપવા જેને એ આત્મસાત કરી શકે નહિ એ કાયમ માટે નહિ, તો લાંબા સમય માટે તો એને પોતાના માટે વિચારવાની શક્યતાથી વંચિત રાખવા સમાન હોય છે.

એ જ રીતે અમુક લોકો ઉપર પ્રેમ લાદવામાં આવે, જે પ્રેમની જરૂરિયાત એ લોકો અનુભવતા નથી તે પ્રેમ એમની ઉપર લાદવામાં આવે તો એ લોકોના ખભા ઉપર ભાર લાદવા સમાન પુરવાર થશે. એવો ભાર જે એમના ખભા માટે બહુ વજનદાર હોય.

આ સ્ખલનનાં બે મુખ્ય કારણો છે, જેની સાથે બાકીના સર્વ કરણોને સાંકળી લઈ શકાય. એ બે છે : અજ્ઞાન અને અહંકાર.

કોઈ પણ ક્રિયા કે કાર્ય ફાયદાકારક કે લાભદાયી છે તે વિશે નિશ્ચિંતતા કેળવવા માટે વ્યક્તિએ તેના તત્કાલીન તેમ જ દૂરગામી પરિણામો વિશે જાણી લેવું જોઈએ. અને દાનકર્મ પણ આ નિયમન માટે અપવાદરૂપ નથી જ. સારું કાર્ય કરવાની ઇચ્છા હોવી એ પૂરતું નથી; વ્યક્તિએ જ્ઞાન પણ પ્રાપ્ત કરવું જોઈએ.

દાનકર્મના નામે વિશ્વમાં કેટલું બધું દુષ્કર્મ થયું છે. દાનકર્મને એની સાચી ભાવનાથી અન્ય દિશામાં વાળીને અને એનાં પરિણામોમાં પૂરેપૂરી રીતે એને વિકૃત કરી દઈ એ દુષ્કર્મો થતાં રહે છે.

સખાવતનાં અનેક કાર્યો ચિંતનરહિત, વિનયરહિત, સમજ વિના અને આંતરદૃષ્ટિ વગર કરવાથી એ એકદમ વિનાશક પરિણમોમાં પરિણમ્યાં છે એના અનેક ઉદાહરણો હું આપી શકું એમ છું.

અન્ય વસ્તુઓ માફક દાનકર્મ પણ આપણી અંદર રહેલ સભાન અને તર્કયુક્ત સંકલ્પમાંથી પરિણમવું જોઈએ. આવેગ એ સ્ખલનનો પર્યાય છે. અને સવિશેષ અહંકારનો એ પર્યાયવાચી છે.

દુર્ભાગ્યે એ સ્વીકારવું જ રહ્યું કે સખાવતની ક્રિયા બહુ ભાગ્યે જ પૂરેપૂરી નિસ્પૃહ હોય છે.

(CWM 2 : 101-102)

*

પ્રેમના સદ્‌ગુણો અને પરમ સખાવત

પ્રત્યેક વસ્તુને આપણી જાતના સંદર્ભે જોવાની આપણી ટેવથી જેટલી માત્રામાં આપણે મુક્ત થઈ જઈએ એટલી માત્રામાં આપણે સાચી રીતે અસરકારક એવી સખાવત, પ્રેમયુક્ત સખાવત કરી શકીએ.

વધુમાં એક એવી ઊંચાઈ છે જ્યાં સર્વ સદ્‌ગુણો પરસ્પર વિનિમય સાધી શકે છે : પ્રેમ, ભલમનસાઈ, કરુણા, ધીર સ્વ-નિયંત્રણ, દાનકર્મ આ સર્વ સદ્‌ગુણો તત્ત્વતઃ એક અને સભાન છે.

આ દૃષ્ટિબિંદુએ દાનકર્મને પ્રેમના સદ્‌ગુણ દ્વારા નિશ્ચિત થતું મૂર્ત, વ્યવહારુ બાહ્ય કાર્ય ગણી શકાય.

કારણ, એક એવી શક્તિ છે જે સર્વને હંમેશાં વહેંચી શકાય, શરત એટલી જ કે એ શક્તિ એના અવ્યક્તિગત રૂપમાં આપવામાં આવવી જોઈએ. પ્રેમ આ છે, પ્રેમ, જે પોતાની અંદર પ્રકાશ અને જીવનશક્તિને સમાવે છે — બુદ્ધિ, આરોગ્ય ખીલવવાની સર્વે શક્યતાઓને પોતાની અંદર જે સમાવે છે....

હા, એવા અમુક માણસો હોય છે જેમના વિચારો પ્રેમસભર હોય છે, જે પ્રેમને પ્રસારતા હોય છે અને એવા માણસોની હાજરી માત્ર અન્ય કોઈ સખાવત કરતાં વધુ સક્રિય, વધુ વાસ્તવિક પ્રકારની સખાવત બની રહે છે.

એવા માણસો એક પણ શબ્દનું ઉચ્ચારણ ન કરે છતાં બીમાર વ્યક્તિ રાહત અનુભવે છે, પીડિતો સુખાનુભવ કરે છે, અજ્ઞાનીઓ પ્રબુદ્ધ બને છે, દુષ્ટ લોકો શાન્ત થઈ જાય છે, જેઓ દુઃખી હોય છે તેમને સાંત્વના પ્રાપ્ત થાય છે. આમ સર્વ કોઈ આ ગહન રૂપાંતરની પ્રક્રિયામાંથી પસાર થાય છે....

આવી વ્યક્તિઓ, જેઓ પ્રેમપૂર્વક પોતાની જાત સર્વને સમર્પી દે છે, જેઓ સર્વના સેવક બની રહે છે એ પરમ સખાવતના જીવંત પ્રતીકો સમાન હોય છે. (CWM 2 : 104-06)

*

મનોમય ક્ષેત્ર : વિચારોની બાબતમાં કાળજી

વિચાર અને પ્રકાશ વચ્ચે એક પ્રકારનો ઉચ્ચતાનો સંબંધ છે. અગમ્યની સીડી પર એકથી બીજે પહોંચવા માટે એક પગલું ઉપર ચડવાની આવશ્યકતા રહે છે. અભિકલ્પન એ દર્શનનો જ એક વધુ ઊંચો પ્રકાર છે.

છતાં આપણે વિચારને જો જોઈ શકતા ન હોઈએ તો એનું કારણ છે કે એની સામગ્રી પ્રકાશ કરતાં વધુ સૂક્ષ્મ છે; જેમકે આપણે પ્રકાશને સાંભળી શકતાં નથી. કારણ કે તે ધ્વનિ કરતાં વધુ સૂક્ષ્મ છે.

જે રીતે આપણું શરીર પાર્થિવ પદાર્થોની વચ્ચે વિચરે છે તેમ વિચાર પણ પોતાની કક્ષાની દ્રવ્યની વચ્ચે વિચરે છે. જેમ આપણા હાથો વસ્તુઓને કેવી રીતે આકાર આપવો તે જાણે છે તેમ વિચાર પણ આ દ્રવ્ય અગણિત કોટિના વિવિધ આકારોમાં કેવી રીતે ઢાળવું તે જાણે છે.

આમ આપણી બૌદ્ધિક ચેષ્ટાઓ આપણી શારીરિક ચેષ્ટાઓથી લેશ પણ ઓછી અસરકારક નથી. આથી આપણે આપણા કાર્યોની બાબતમાં જે રીતે કાળજી રાખીએ છીએ તે રીતે વિચારોની બાબતમાં પણ કાળજી રાખવામાં આવે એમાં શાણપણ રહેલું છે.

આમ આપણે જોયું કે વિચાર એ ખરા અર્થમાં ક્રિયાશીલ છે, એ પોતાના ક્ષેત્રમાં પોતાને ઉપયુક્ત દેહની રચના કરવા માટેની એક સર્જક શક્તિ તરીકે કામ કરે છે. જેમ લોહચુંબક લોહકણોને ખેંચે છે તેમ એ પણ પોતાના ધર્મ, લક્ષ્ય અને વલણને અનુરૂપ તત્ત્વોને આકર્ષે છે,

એ તત્ત્વોને પ્રાણવાન બનાવે છે. આ તત્ત્વો એના દેહના ઘટક કોષો બને છે. એની બાબતમાં વધુ ખુલાસાઓ ન આપવા પડે એ માટે આ તત્ત્વોને હું પ્રવાહી કહીશ. એમને એ અનુપ્રાણિત કરે છે, ઘડે છે અને એમને એમની પ્રકૃતિને વધુમાં વધુ અનુકૂળ એવું રૂપ આપે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૬૯-૨૭૦)

*

કૃપા ઉપર અવિશ્વાસ

મેં હમણાં જ કહ્યું કે આપણે આપણી જાતનું અવલોકન કરવા બેસીએ તો આપણને જણાશે કે આપણે પોતાની જાત પ્રત્યે ખૂબ આત્મલાલન દાખવીએ છીએ. મને લાગે છે કે આપણી પ્રકૃતિમાં રહેલી નાની નાની ભૂલો આપણને આહ્‌લાદપૂર્ણ લાગે છે અને આપણી સર્વ નિર્બળતાઓને આપણે વ્યાજબી ઠરાવતા રહીએ છીએ. પરંતુ ખરું જોતાં તો, આપણે એમ કહીએ છીએ, કારણકે આપણામાં આપણી પોતાની જાત ઉપર જ વિશ્વાસ નથી હોતો. તમને આ વાત નવાઈભરી લાગે છે ?.... હા, તો હું ફરી ફરીને કહીશ કે આપણને આપણી પોતાની જાત ઉપર જ શ્રદ્ધા નથી. આ જાત તે આપણું અત્યારની ક્ષણે જેવું છે તે બાહ્ય ક્ષણભંગુર અને પરિવર્તનશીલ સ્વરૂપ નહિ — એના તરફ તો આપણી દૃષ્ટિ હંમેશાં મીઠી જ રહે છે. પરંતુ આપણે સ્વપ્રયત્ને કરીને જેવા બની શકીએ છીએ તેના ઉપર આપણને વિશ્વાસ નથી, આપણા સાચા, શાશ્વત અને સર્વે પ્રાણીઓમાં વસી રહેલાં દિવ્ય સ્વરૂપને જો તેની રીતે કાર્ય કરવા દઈએ. આપણે જો બાળકોની જેમ, એ સ્વરૂપના પરમ પ્રસાદપૂર્ણ અને દીર્ઘદૃષ્ટિવાળા માર્ગદર્શનના દોરમાં આપણી જાતને વહેતી મૂકી દઈએ તો આપણને જે સર્વાંગ સંપૂર્ણ અને આમૂલ રૂપાંતર પ્રાપ્ત થઈ શકે છે તેની ઉપર જ આપણને શ્રદ્ધા નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૦૨)

*

પ્રત્યેક વસ્તુ સર્વની માલિકીની છે અને 'આ વસ્તુ મારી છે', એમ બોલવું કે વિચારવું તે જુદાઈ અને ભાગલા કરવા સમાન છે, જે વસ્તુઓ (જુદાઈ કે ભાગલા) વાસ્તવિકતામાં અસ્તિત્વ ધરાવતી હોતી નથી. પ્રત્યેક વસ્તુ (જે દ્રવ્યના આપણે બનેલ છીએ તે દ્રવ્ય પણ) સર્વની માલિકીની છે. શાશ્વત ગતિયુક્ત અણુઓનો વમળ, જે ક્ષણભર આપણા આ સજીવ રૂપનું ઘડતર કરે છે, જે એમાં ચિરસ્થાયી થતો પણ નથી, અને એ જ વમળ આવતી કાલે અન્ય સજીવ રૂપનું ઘડતર કરશે.... જે લોકો એમ કહે છે કે 'આ વિચાર મારો છે.' અને એવું વિચારે છે કે અન્ય લોકોને એ વિચારમાંથી ફાયદો ઉઠાવવાની પરવાનગી આપીને પોતે મોટી સખાવત કરી રહ્યા છે, એ લોકો મૂર્ખ છે.

વિચારોના વિશ્વની માલિકી સર્વની છે; બુદ્ધિગમ્ય શક્તિ એ છે વૈશ્વિક શક્તિ

શ્રી માતાજી

(CWM 2 : 102-03)



શ્રી અરવિન્દ

સતત પરમાર્થતા

બીજાઓની વચ્ચે રહેતા હો ત્યારે તમારે એક દિવ્ય દૃષ્ટાંતરૂપ થવું જોઈએ, — દિવ્ય જીવનના માર્ગને સમજવા માટે તથા તેમાં પ્રવેશ કરવા માટે લોકોની આગળ ઉપસ્થિત થયેલા એક નિમિત્ત રૂપ તમારે બની રહેવું જોઈએ, એથી વધારે કાંઈ જ નહિ. બીજાઓને પ્રગતિ કરાવવાની કામના પણ તમારે સેવવી ન જોઈએ; કારણકે એ કામના પણ તમારો વ્યક્તિગત તરંગ હોઈ શકે.

પ્રભુ સાથે નિશ્ચિતપણે તમે અદ્વૈત સાધ્યું ન હોય ત્યાં સુધી તમારા બહારના સંબંધો પરત્વે સારામાં સારો રસ્તો એ છે કે જેમને એ અદ્વૈતનો અનુભવ થયો હોય તેવાઓની સર્વસંમત સલાહ અનુસાર વર્તવું.

ભૂતમાત્રની હિતકામનાની સતત અવસ્થામાં રહેવું, કશાથી ઉદ્વેગ પામવો નહિ અને કોઈને પણ ઉદ્વેગના કારણરૂપ ન થવું, શક્ય હોય ત્યાં સુધી કોઈને દુઃખ ન પહોંચાડવું; આ તમારો નિયમ બનાવો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૧૧)

સ્વ-પ્રભુત્વ

આપણું પોતાનું સંશ્લેષન કરવું

જ્યારે તમે ધોરણસરના અને વારંવારના પ્રયત્નો વડે કરીને, તમારી ઉપર આક્રમણ કરી રહેલાં આ અસંબદ્ધ વિચારોના પ્રવાહને દૂર રાખીને તેમને કોઈ બહારની વસ્તુ હોય તે રીતે નિહાળશો તો તમને એક નવીન ઘટના જોવા મળશે.

તમે જોશો કે તમારી અંદર અમુક વિચારો બીજા વિચારો કરતાં વધુ જોરદાર, વધુ ચોંટી રહે તેવા છે. એ બધા વિચારો સામાજિક રીતરિવાજો, રીતરસમો, નૈતિક નિયમો, અને પૃથ્વી તથા મનુષ્યને દોરતા સામાન્ય નિયમો પણ હોઈ શકે.

એ બધા વિચારો, વસ્તુઓ વિશેના તમારા અભિપ્રાયો હોય છે, અથવા એવો તમારો અભિપ્રાય છે એમ માનવાનો તમારો દાવો હોય છે. અને એમને અનુસરીને ચાલવાનો તમારો પ્રયત્ન હોય છે.

આમાંનો ગમે તે એક વિચાર, તમને જે સૌથી વધુ પરિચિત હોય તેવો વિચાર હાથ ઉપર લો, એનું અત્યંત ધ્યાનપૂર્વક અવલોકન કરો, એના ઉપર એકાગ્ર થાવ, એના ઉપર સંપૂર્ણ સત્યનિષ્ઠા સાથે ચિંતન કરો, શક્ય હોય તો તમારા સર્વે પૂર્વગ્રહોને વેગળા મૂકો અને પછી તમારી જાતને પ્રશ્ન કરો કે એ વસ્તુ વિશે તમારો અભિપ્રાય અમુક જ જાતનો કેમ છે, અન્ય જાતનો કેમ નથી.

એ બધાનો જવાબ લગભગ અનિવાર્યપણે એક જ જાતનો અથવા લગભગ એવો જ હશે :

કારણ કે એ અભિપ્રાય તમારા ઘડતરમાં વણાઈ ગયેલા છે, એને વળગી રહેવું સારું દેખાય છે, અને એને લઈને તમે ઘણીક અથડામણો, મનદુઃખો અને ટીકાઓમાંથી બચી જાઓ છો.

અથવા તો, તમારા પિતાજી કે માતાજી એમ માનતાં હતાં અને એના વડે જ તમારા બાળપણનું ઘડતર થયેલું છે.

નહિ તો પછી, તમારી યુવાવસ્થામાં તમે જે ધાર્મિક કે બીજા પ્રકારની કેળવણી પ્રાપ્ત કરી હશે તેના સાહજિક પરિણામરૂપ હશે. એ તમારો પોતાનો વિચાર નહિ હોય.

એ વિચાર તમારો પોતાનો હોય તેને માટે તો તમારા જીવન દરમિયાન તમે નીપજાવેલ તર્કબદ્ધ સામંજસ્યના એક ભાગરૂપ હોવો જોઈએ. પછી ભલે એ કાં તો અવલોકન, અનુભવ, અને તાર્કિક અનુમાન અથવા તો ગહન અપાર્થિવ ધ્યાન અને મનનને પરિણામે પ્રાપ્ત થયો હોય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૦૩)

*

મનમાં વ્યવસ્થા સ્થાપવી

આને માટેની પ્રક્રિયા તો હંમેશાં એકની એક જ રહેવાની; શોધો, વિચારો, ચિંતન કરો.

આપણે આ બધા વિચારોને એક પછી એક હાથ ઉપર લેવા, એમનું પૃથક્કરણ કરવું, આપણી તમામ શુભ લાગણીઓ, આપણી સર્વોત્તમ બુદ્ધિ, આપણી વ્યાજબીપણાની ઉચ્ચતમ લાગણીને આપણે બોલાવીને કામમાં લેવી; આપણે એ વિચારોને, આપણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની અને સંગ્રહિત અનુભવોની તુલનામાં તોલી જોવા, પછી એ બધાને એકબીજા સાથે સુયોગ્ય જોડાણ થાય તેવી રીતે ગોઠવવા અને તેમની વચ્ચે સંવાદની સ્થાપના કરવી. ઘણીવાર આમ કરવું ઘણું અઘરું પડે છે, કારણ કે આપણામાં એવી શોચનીય વૃત્તિ હોય છે કે તદ્દન પરસ્પર વિરોધી એવા વિચારોને આપણા મગજમાં સ્થાન હોય છે.

આપણે એ સર્વેને યોગ્ય સ્થાને મૂકવા પડશે, આપણા મનની બહારની ઓરડીમાં સુવ્યવસ્થા સ્થાપવી પડશે. અને જેમ આપણે જે ઓરડાઓમાં રહેતાં હોઈએ છીએ તેને દરરોજ સાફસૂફ અને વ્યવસ્થિત કરીને છીએ તેમ આમાં પણ દરરોજ આવું કરતાં રહેવાનું રહે છે.

પરંતુ ફરી એકવાર, આપણું કાર્ય સાચી રીતે અસરકારક બને એટલા માટે આપણે એ વસ્તુ આપણી પોતાની બની રહે તે માટે આપણે આપણાથી જે કાંઈ થઈ શકે તે કરવું જોઈએ. આપણી અંદર શક્ય હોય તેટલી ઉત્તમ આધ્યાત્મિક, વધુમાં વધુ અચલ, વધુમાં વધુ સત્યનિષ્ઠ અવસ્થા જાળવી રાખવી જોઈએ.

આપણે તદ્દન નિર્મળ બની રહેવું જોઈએ કે જેથી આપણી અંદર જે પ્રકાશ રહેલો છે તે, આપણે જે વિચારોનું અવલોકન કરવા માગીએ છીએ, જેમનું વિશ્લેષણ અને વર્ગીકરણ કરવા માગીએ છીએ તેમને પૂર્ણપણે પ્રકાશિત કરે. આપણે નિષ્પક્ષ અને હિંમતવાન બનીને આપણા નાના નાના પૂર્વગ્રહો અને સર્વ ક્ષુદ્ર અંગત સુખસગવડોને બાજુએ મૂકી દઈએ. આપણે વિચારોનું અવલોકન તેમનામાં, તેમને માટે, કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના કરવું જોઈએ.

અને ધીરે ધીરે કરીને, આપણે જો આપણું વર્ગીકરણનું કાર્ય ખંતપૂર્વક ચાલુ રાખીશું તો આપણે આપણા મગજમાં વ્યવસ્થા અને પ્રકાશની સ્થાપના થતી જોઈશું. પરંતુ આપણે એ વસ્તુ કદી ભૂલવી નહિ કે આપણે ભવિષ્યમાં જે સુવ્યવસ્થા પ્રાપ્ત કરનાર છીએ તેની પાસે તો આ વ્યવસ્થા એક ગેરવ્યવસ્થા કરતાં કાંઈ વધારે નથી; આપણને થોડા સમય પછી જે પ્રાપ્ત થનાર છે તેની આગળ તો અત્યારે જે પ્રકાશ જણાય છે તે કેવળ ધૂંધળાપણું જ છે.

જીવન એ એક સતત ઉત્ક્રાંતિની ક્રિયા છે. જો આપણે આપણી મનોદશાને હંમેશાં જીવંત રાખવી હશે તો આપણે અવિરતપણે પ્રગતિ કરતાં રહેવું પડશે.

વધુમાં, આ કેવળ એક પ્રાથમિક કાર્ય જ છે. જે સત્ય વિચાર આપણને જ્ઞાનના અનંત સ્રોતો સાથે સંપર્કમાં લાવે છે તેવા સત્ય વિચારથી આપણે ઘણાં દૂર છીએ.

પોતાના વિચારો ઉપર વ્યક્તિગત કાબૂ મેળવવા માટે થોડે થોડે કરીને તાલીમ પ્રાપ્ત કરવા માટેનો આ તો કેવળ વ્યાયામ જ છે. કારણકે જે કોઈ વ્યક્તિને ધ્યાન કરવું હોય તેને માટે

માનસિક ક્રિયા ઉપર પ્રભુત્વની પ્રાપ્તિ અનિવાર્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૦૪-૦૫)

*

સત્યની શોધમાં વિચાર દ્વારા પ્રગતિ કરવી

જે કોઈ વ્યક્તિ સત્યને પામવાને માટે ખરા દિલથી પ્રયત્નો કરે છે, જો જરૂર પડે તો, આ અવિરતપણે અનંત પ્રગતિશીલ એવા સમગ્ર વિશ્વના ઉત્તરોત્તર વિકાસશીલ જ્ઞાનરૂપી પૂર્ણ સત્યની વધુને વધુ નજદીક પહોંચવા માટે, પોતે જેને અત્યાર લગી સાચું માન્યું હોય તેનો ભોગ આપવાને પણ તૈયાર હોય છે, તે મનુષ્ય ધીરે ધીરે કરીને ગહનતમ, પૂર્ણતમ અને ઉત્કટ પ્રભાતપૂર્ણ વિચારોની સમગ્રતાના સંપર્કમાં આવે છે.

ધ્યાન અને નિદિધ્યાસનના પ્રભાવ વડે આવી વ્યક્તિ, શુદ્ધ બુદ્ધિશક્તિના મહાન વૈશ્વિક પ્રવાહના સીધેસીધા સંપર્કમાં આવે છે અને પછી કોઈ જ્ઞાન એનાથી છૂપું રાખી શકાતું નથી.

ત્યાર પછી નિર્મળ શાંતિ અને મનોમય પ્રશાન્તિ એના સ્વરૂપના ભાગ બની રહે છે. એની સમક્ષ જે બધી માન્યતાઓ, સર્વ પ્રકારનું માનવજ્ઞાન, સર્વ પ્રકારનાં ધાર્મિક શિક્ષણો આવે છે અને જે કેટલીકવાર અત્યંત વિરોધાભાસવાળાં જણાય છે તે સર્વની વચમાં થઈને પણ એ મનુષ્ય એ બધામાં રહેલ ગહન સત્યને જાણે છે, કારણકે એની દૃષ્ટિથી કોઈ વસ્તુ સંતાઈ રહી શકતી નથી. અરે, ક્ષતિઓ અને અજ્ઞાનને લઈને પણ તે ચડભડાટ અનુભવતો નથી, કારણકે જેમ એક અજ્ઞાત સંત કહે છે તેમ :

''જે પુરુષ સત્ય પ્રત્યે ગતિ કરે છે તેને કોઈ ક્ષતિને કારણે ક્ષોભ થતો નથી, કારણ કે તે જાણે છે કે સત્ય પ્રત્યે પ્રયાણ કરતા જીવનતત્ત્વનું સ્વરૂપ જ સૌ પ્રથમ ક્ષતિ રૂપે પ્રગટ થાય છે.'' (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૦૭)

*

વિચારો પર પ્રભુત્વ

પ્રથમ શરત : આપણે સંશોધન અને અવલોકન વડે આ વસ્તુની અગત્ય જાણવી જોઈએ કે આપણાં કર્મો, એ આપણા વિચારોની આબેહૂબ અભિવ્યક્તિરૂપ હોય છે અને જ્યાં લગી આપણે આપણી મનોમય પ્રવૃત્તિ ઉપર સર્વાંશે પ્રભુત્વ મેળવ્યું નથી હોતું ત્યાં સુધી આ માનસિક વિચારો કેવળ બાહ્ય અસરો (સંવેદનો અને સૂચનોની) પ્રત્યેની આપોઆપ બનતી પ્રતિક્રિયારૂપ હોય છે. આમ આપણી જાત આપણા વશમાં નથી હોતી અને જ્યાં લગી આપણે આપણા વિચારોના સ્વામી બન્યા નથી હોતા ત્યાં સુધી આપણે આપણા માટે જવાબદારીપૂર્ણ પ્રત્યુત્તર આપી શકતા નથી.

બીજી શરત : આપણી મનોમય પ્રવૃત્તિને અસરકારક રીતે દોરવા માટે અવિરતપણે સંકલ્પ સેવવો.

ત્રીજી શરત : આપણે આપણા વિચારો વિશે માહિતગાર થઈએ તે માટે આપણે તેમનું અવલોકન કરવું, તેમની સ્વભાવગત ગતિનો માર્ગ જાણવો અને જે વિચારોને આપણી સંવેદન

પ્રધાન અને ઉર્મિમય પ્રકૃતિ સાથે ખાસ આકર્ષણ હોય તેમની નોંધ લેવી.

ચોથી શરત : આપણે આપણી અંદરથી જે ઉત્તમોત્તમ, ઉદાત્ત, શુદ્ધતમ, નિતાંત સ્વાર્થહીન વિચાર હોય તેની ખોજ કરી લેવી અને જ્યાં સુધી એના બદલે વધુ સારો વિચાર ન મળી જાય ત્યાં સુધી એને એક એવી કેન્દ્રસ્થ ધરી રૂપ બનાવી રાખવો, જેની આસપાસ મનોમય સમન્વયની બાંધણી થઈ શકે, જે એવો નિયામક વિચાર બની રહે જેના પ્રકાશમાં બીજા બધા વિચારો જોઈ શકાય અને તેમની તુલના કરી શકાય, એટલે કે તેમનો સ્વીકાર કરી શકાય કે ત્યાગ કરી શકાય.

પાંચમી શરત : દરરોજ અમુક નિયમિત રીતની માનસિક તપસ્યા કરવી. એ વિષય ઉપર જે કાંઈ ઉપદેશો લખાયેલા છે તેમાંથી પોતાને સૌથી વધુ અસરકારક લાગે તેવી પદ્ધતિ શોધી કાઢવી અને તેનું ચીવટપૂર્વક, કડકપણે, શક્તિ અને ખંતપૂર્વક અનુસરણ કરવું.

*

કેટલીક મહત્ત્વની ભલામણો

આપણને જરૂરી માનસિક આરામ લેતાં આવડવું જોઈએ.

અને આપણાથી થઈ શકે તેટલું હોય તેથી વધુ કરવાની આપણી જાત પાસે માગણી ન કરવી.

સમયને પણ તેનો ભાગ આપવો અને આપણા પ્રયત્નનું ફળ આવે તે માટે ધીરજપૂર્વક રાહ જોતાં શીખવું.

છેલ્લે આપણે જે કાંઈ કરી શકીએ તેમ છીએ તેમાંનું કાંઈ પણ કરવાનું ટાળ્યા વિના, આપણે એક બાળકના જેવા વિશ્વાસથી જે બળશાળી અને પરમ શક્તિ, દિવ્ય શક્તિ સર્વ સ્વરૂપોમાં અને વસ્તુઓમાં એક જ રૂપે વ્યાપી રહેલી છે તેને સર્વભાવે આપણી જાત સોંપી દેતાં શીખવું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૪૦-૨૪૧)

*

કેન્દ્રસ્થ વિચાર

પુરાણી પરંપરાઓએ સાચું જ કહ્યું છે ''આપણે અને આપણા અસ્તિત્વનું આદિ કારણ, આપણે અને આપણો પ્રભુ એકરૂપ છીએ.''

અને આ એકતાને ઓછાવત્તા નિકટના અને અંતરંગી સંબંધ જેવી કેવળ નહીં, પરંતુ સાચા અદ્વૈત રૂપ જ સમજવી જોઈએ.

આમ જ્યારે ભગવાનની શોધમાં નીકળેલો માણસ ક્રમે ક્રમે અગમ્ય પ્રતિ આરોહણ કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તે ભૂલી જાય છે કે તેનું બધું જ્ઞાન, બધું અંતઃસ્ફુરણ એ અનંતમાં તેને એક ડગલું પણ આગળ લઈ જઈ શકે તેમ નથી. તેને ખબર નથી કે જેને તે પોતાનાથી આટલું બધું દૂર માની પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તે તો પોતાની અંદર છે.

કારણકે જ્યાં સુધી વસ્તુમાત્રના મૂળનું સંજ્ઞાન તેની પોતાની અંદર ન જાગે ત્યાં સુધી તે

તેના આદિ કારણ વિશે કશું જ શી રીતે જાણી શકે ?

માણસ પોતાના સ્વરૂપને સમજતો થાય, તેને જાણતાં શીખતો થાય ત્યારે તેના વડે તે એ પરમ શોધ કરવાને શક્તિમાન બને અને બાઈબલમાં કહેલા કુલપતિની માફક આશ્ચર્યના ઉદ્‌ગાર કાઢે, ''આ રહ્યું, પ્રભુનું ધામ તો આ રહ્યું ! ને મને એની ખબર ન'તી !''

તેટલા માટે તો સર્વ પાર્થિવ જગતોની સર્જનહાર એવી એ ઉત્તમ તત્ત્વભાવનાને અભિવ્યક્તિ આપવી જોઈએ. જેથી કરીને પૃથ્વીલોકને તથા સ્વલોકોને સભર ભરતો આ શબ્દ સમસ્ત વિશ્વ સાંભળે, ''વસ્તુમાત્રમાં, ભૂતમાત્રમાં હું છું.''

જે સમયે સર્વને આ જ્ઞાન થઈ જશે તે સમયે મહાન રૂપાંતરોનો પ્રતિજ્ઞાત દિવસ ઉપસ્થિત થયો હશે. માણસો જ્યારે પદાર્થના પ્રત્યેક પરમાણુમાં વિરાજમાન પ્રભુની ઇચ્છાને પિછાનતા થશે. જ્યારે માનવ જીવમાત્રમાં ઈશ્વરના ઇંગિતની રૂપરેખા નીરખતા થશે, જ્યારે માનવ પોતાના બંધુમાં ભગવાનનાં દર્શન કરતાં શીખશે ત્યારે સમસ્ત પ્રકૃતિને અતિ ભારકારી બની રહેલા અંધકારોને, અસત્યોને, અજ્ઞાનોને, દોષોને અને દુઃખોને દૂર ભગાડી મૂકનાર પ્રભાતનો ઉદય થશે. કારણ ''પ્રભુના પુત્રો પોતાનો આવિર્ભાવ કરે તેની પ્રતીક્ષા કરતી સમસ્ત પ્રકૃતિ પીડાય છે, ક્રન્દન કરે છે.''

બીજી બધી ભાવનાઓના સારના સરવૈયા રૂપ કેન્દ્રવર્તી ભાવના તે ખરેખર આ. આ ભાવના જ આપણા સમસ્ત જીવનને પ્રકાશિત કરનાર સૂર્યની માફક આપણી સ્મૃતિમાં નિરંતર વિદ્યમાન રહેવી જોઈએ.

તેથી તો આજે હું એને તમારા ધ્યાનમાં લાવું છું. કારણ કે જો આપણે આ ભાવનાને કોઈ અત્યંત વિરલ રત્નની માફક યા કોઈ મહામૂલ ખજાનાની માફક આપણા હૃદયમાં ધારણ કરીને આપણો માર્ગ અનુસરીશું, આપણી અંદર એને એનું પ્રકાશ પ્રગટાવવાનું અને રૂપાંતર સાધવાનું કાર્ય કરવા દઈશું, તો પ્રત્યેક વસ્તુના ને પ્રત્યેક સત્ત્વના કેન્દ્રમાં તે જીવંત ભાવે રહેલી છે એવું જ્ઞાન આપણને થશે ને એના અંતરમાં વિશ્વ સકલની અદ્‌ભુત એકતા આપણે અનુભવીશું.

ત્યારે આપણને સમજાશે કે આપણા કંગાલ ભોગો કેવા નિઃસાર અને બાલિશ હતા. આપણા મૂર્ખાઈભર્યા કજિયા કેવા નિરર્થક હતા, આપણા ક્ષુદ્રભાવી આવેશો અને આંધળા રોષો કેવા ફોગટના હતા. આપણી લઘુતાભરી ખામીઓ આપણે વિલીન થઈ જતી નિહાળીશું, આપણા પરિમિત વ્યક્તિભાવના ને અક્કલ વગરના અહંભાવના છેવટના મોરચા પડી ભાંગતા જોઈશું. આપણાં પરિબદ્ધ ચોકઠાંઓમાંથી તથા સાંકડી સરહદોમાંથી આપણને બહાર કાઢનાર સાચી આધ્યાત્મિકતાના પરમ ભવ્ય પ્રવાહમાં આપણી જાતને આપણે પ્લાવિત થતી અનુભવીશું.

વ્યક્તિનું 'હું' અને વિશ્વનું 'હું' એકરૂપ છે; એકેએક જગતમાં, એકેએક જીવમાં, એકેએક વસ્તુમાં, એકે એક પરમાણુમાં ભગવાનની સંનિધિ છે અને તેનો આવિર્ભાવ કરવો એ મનુષ્યનું આદિષ્ટ કાર્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૨૧-૨૨૩)

*

મન ન્યાયાધીશ બની શકે નહિ

એક વસ્તુ કરવી મનને માટે ઘણી મુશ્કેલ હોય છે. (જો કે મારી દૃષ્ટિએ એ ઘણી અગત્યની છે.) અને તે એ કે તમારે વસ્તુઓ અને મનુષ્યોની તુલના મન વડે ન કરવી જોઈએ. આમ કહેવું કે, 'આ સારું છે, પેલું ખરાબ છે, આ યોગ્ય છે, પેલું ખોટું છે, આનામાં આ ખોડ છે, પેલામાં પેલું ખરાબ તત્વ છે, વગેરે' — આ ઉતારી પાડતી તુલના છે.

જે લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા હોય છે તેઓ જેટલા વધુ પ્રમાણમાં બુદ્ધિશાળી હોય છે તેટલા પ્રમાણમાં તેમને વધુને વધુ લાગે છે કે તેઓ કંઈ પણ જાણતા નથી.

વ્યક્તિ અમુક એક રીતે વિચારી શકે, તુલના કરીને અમુક રીતે જોઈ શકે; પરંતુ કોઈ બાબતમાં સંપૂર્ણપણે નિશ્ચિત ન થઈ શકે અને કોઈ દિવસ નિશ્ચિત થઈ શકશે પણ નહીં. વ્યક્તિ આ તો હંમેશાં કહી શકે કે 'કદાચ એ આમ હશે' કે 'કદાચ આતેમ હશે' અને એવું બધું અનંત રીતે કહી શકે, કારણ કે ખરી વાત તો એ છે કે જ્ઞાન મેળવવાનું સાધન મન નથી હોતું.

શુદ્ધ વિચારો તો માનસિક વિચારોની ઉપરના પ્રદેશના રહેલા હોય છે. અને માનસિક વિચારો તો એ શુદ્ધ વિચારોને વ્યક્ત કરવાનાં સાધન માત્ર હોય છે. અને જ્ઞાન તો એ શુદ્ધ વિચારોની ભૂમિકાથી પણ ઠીક ઉપર આવેલું છે — જેમ શુદ્ધ વિચારો, મનોમય વિચારોથી ઉપર આવેલા છે તેમ. આથી વ્યક્તિએ માનસિક વિચારોથી ઉપર જઈને શુદ્ધ વિચાર પર પહોંચતા શીખવું જોઈએ. અને શુદ્ધ વિચાર તો જ્ઞાનનું જ બીજું રૂપ છે. અને આ જ્ઞાન ફક્ત સંપૂર્ણ તાદાત્મ્ય વડે જ મળી શકે છે. એટલે જ્યારે તમે તમારી જાતને તમારી નાની સરખી માનવ મનની, અવિરતપણે કાર્યશીલ ભૌતિક ચેતનાની મનોમયતામાં મૂકીને દરેક વસ્તુ તરફ જુઓ છો, દરેક વસ્તુની તુલના, એ ક્ષુદ્ર મનની તુચ્છતાદર્શક મોટાઈની ઊંચાઈ ઉપરથી કરો છો અને કહો છો કે, 'એ ખરાબ છે, એ એમ ન હોવું જોઈએ.' ત્યારે તમારે ખાતરી રાખવી કે તમે ચોક્કસપણે ભૂલ કરી રહ્યા છો. સારામાં સારી વસ્તુ તો એ છે કે તમારે થોડીવાર મૌન રહેવું, વસ્તુઓને સારી રીતે નિહાળવી, થોડે થોડે કરીને તમારી જાતમાં તેમની યાદી રાખવી અને કોઈ પણ નિર્ણય આપ્યા સિવાય તેમની નોંધ રાખવી. એવી રીતે, જ્યારે તમે એ બધું તમારી અંદર શાંતિથી ક્ષુબ્ધ થયા વિના સમાવી રાખી શકશો અને તેને તમારી ચેતનાના ઉચ્ચતમ ભાગ પાસે સ્વસ્થતાથી રજૂ કરશો, સાથેસાથે યત્નપૂર્વક તમારામાં એક લક્ષપૂર્ણ નીરવતા બનાવી રાખશો અને રાહ જોશો તો કદાચ ધીમેથી ઘણે દૂરથી અને ખૂબ ઊંચાઈએથી આવતું હોય તેમ કંઈક પ્રકાશ જેવું વ્યક્ત થશે અને ત્યારપછી સત્ય વિશે તમે થોડુંક વધારે જ્ઞાન મેળવ્યું હશે. પરંતુ જ્યાં સુધી તમે તમારા વિચારોને ઉત્તેજિત કરતા રહેશો અને તેમના નાના નાના ટુકડા કર્યા કરશો ત્યાં સુધી તમે કંઈ પણ જ્ઞાન પામી શકશો નહીં. તમને ઠીક લાગે તો આ વસ્તુ તમને સેંકડો વખત કહેવામાં મને વાંધો નથી. પરંતુ હું તમને ખાતરી આપું છું કે જ્યાં સુધી આ વસ્તુ તમારા મનમાં બરાબર ઠસી જશે નહીં ત્યાં સુધી કદી પણ તમે તમારા અજ્ઞાનની બહાર નીકળી શકશો નહિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૫૬-૫૭)

*

સભાન બનવું

પ્રથમ જરૂરિયાત

'યોગસાધના કરવા માટે અધિકારી થવું હોય તેણે શું કરવું જોઈએ ?'

પ્રથમ તો તેણે સચેતન એટલે કે ચૈતન્યમાં જાગ્રત થવું જોઈએ. અત્યારે આપણે આપણા અંતઃકરણના એક અતિ ક્ષુદ્ર અને મર્યાદિત અંશ વિશે જ માત્ર સચેતન છીએ. તેના બાકીના ઘણા મોટા પ્રદેશ વિશે આપણે અજ્ઞાન છીએ, અચેતન છીએ. એ અચેતનતા આપણને આપણી અજ્ઞાનભરી પ્રકૃતિ જોડે બાંધી રાખે છે અને તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કે તેનું રૂપાંતર થવા દેતી નથી. અચેતનતાના છિદ્રમાં થઈને ભગવદ્વિરોધી શક્તિઓ આપણામાં પ્રવેશ કરે છે અને આપણને પોતાના ગુલામ બનાવે છે. તમારી જાત વિશે તમારે સચેતન થવાનું છે. તમારી પ્રકૃતિ વિશે તથા તમારી ગતિ અને ક્રિયાઓ પ્રત્યે તમારે જાગ્રત થવાનું છે. તમે શા માટે અને કેવી રીતે ક્રિયામાં પ્રવૃત્ત થાઓ છો, શા માટે અને કેવી રીતે તમને વસ્તુઓનું ભાન થાય છે, શા માટે અને કેવી રીતે તમે વિચાર કરો છો તે તમારે જાણવું જોઈએ. કયો ઉદ્દેશ, કઈ પ્રેરણા, કઈ ગુપ્ત વા પ્રગટ શક્તિ તમને ક્રિયામાં યોજે છે તે તમારે જાણવું જોઈએ. ખરું જોતાં તમારા ચિત્તતંત્રના એક એક અંગને યંત્રના એકેએક ભાગની પેઠે તમારે છૂટું પાડવું જોઈએ. એક વાર તમે સચેતન થયા એટલે તમે વિવેક કરી શકશો, સાચું જૂઠું પારખી શકશો, કઈ શક્તિઓ તમને અધોમાર્ગે ખેંચી રહી છે અને કઈ તમને ઊર્ધ્વ માર્ગમાં સહાયક છે તે પણ તમે જાણી શકશો. સાચા જૂઠાનો, ઇષ્ટ અને વર્જ્યનો, દૈવી અને આસુરી તત્ત્વનો ભેદ જ્યારે તમે પારખી લો ત્યારે એકનિષ્ઠ થઈને તમારા એ જ્ઞાન પ્રમાણે જ તમારે કર્મ કરવાં જોઈએ, એટલે કે નિશ્ચયપૂર્વક તમારે એકનો સ્વીકાર અને અન્યનો ઇનકાર કરવો જોઈએ. આ દિવ્ય અને અદિવ્ય, સત્ય અને મિથ્યા વગેરેનાં જોડકાં ડગલે ને પગલે હંમેશાં તમારી સાધનામાં આગળ આવીને ઊભાં રહેશે અને દરેક પગલે તમારે પસંદગી કરવી પડશે. તમારે આ માર્ગમાં ધીર, ખંતીલા અને જાગ્રત, મર્મજ્ઞો કહે છે તેમ 'સદા અતંદ્ર' રહેવું જોઈએ. ભગવાનની દિવ્ય શક્તિ અને તેની વિરોધી અદિવ્ય શક્તિઓ એ બેના ઝઘડામાં દિવ્યની સામે અદિવ્ય વસ્તુને ફાવી જવાની એક પણ તક તમારે ન આપવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨-૩)

*

તેજસ્વી પડદો

આપણે આપણી ક્રિયાઓના મૂળ વિશે સ્પષ્ટપણે સભાન બનવું જોઈએ, કારણ કે આપણા જીવનમાં પરસ્પર વિરોધી હોય એવી ઘણી અસ્પષ્ટ ઇચ્છાઓ હોય છે — કેટલીક તમને આમ ધક્કો મારે છે તો બીજી તમને તેમ ધક્કો મારે છે અને આ વસ્તુ તો દેખીતી રીતે જ જીવનમાં એક ગૂંચવણ ઊભી કરે છે. તમે તમારી જાતનું અવલોકન કરશો તો તમને જણાશે કે તમે જો તમને ક્ષુબ્ધ કરે તેવું કંઈ પણ કરશો કે તરત જ તમારું મન તમને સાચા ઠેરવવા માટે અનુકૂળ

કારણો મેળવી આપશે — આ મન, દરેક વસ્તુને ઓપ આપવાની શક્તિ ધરાવે છે. પરિસ્થિતિ આવી છે, એટલે માણસમાં સંપૂર્ણ સચ્ચાઈ હોય છે તો જ તે પોતાની જાત વિશેનું જ્ઞાન મેળવી શકે છે અને મનોમય ચેતનાનાં નાનાં નાનાં અસત્યોની આરપાર જોઈ શકે છે.

કેટલાક માણસો સતત એકની એક વસ્તુનું રટણ કર્યા કરતા હોય છે. જો તમે પણ તમારા મનમાં એ રીતે તમારી રોજની ક્રિયાઓ અને પ્રત્યાઘાતોને વાગોળ્યા કરશો તો પ્રગતિ કરી શકશો નહિ. આવી જાતના પુનરાવલોકન વડે જો તમારે પ્રગતિ કરવી હશે તો તે માટે તમારે તમારી જાતમાં કોઈ એવી વસ્તુ શોધી કાઢવી જોઈશે, જેના પ્રકાશમાં તમે પોતે જ તમારી જાતનો ન્યાય તોળી શકો, એ વસ્તુ એવી હોવી જોઈએ જે તમારી જાતનો ઉત્તમ અંશ હોય, જેમાં કાંઈક પ્રકાશ હોય, કાંઈક શુભ ભાવના હોય અને પ્રગતિ માટે જરૂરી એવો પ્રેમ હોય. હવે એ વસ્તુને તમે તમારી સામે મૂકો અને સિનેમાના પરદાની જેમ, પ્રથમ તેની પાસેથી તમે જે કાંઈ કર્યું હોય, તમને જે કાંઈ લાગ્યું હોય તેને, તમારી ઊર્મિઓ, તમારા વિચારો, એ સૌને પસાર કરો; પછી તેમનો મેળ બેસાડવા પ્રયત્ન કરો. એટલે કે, આના પછી આ કેમ બન્યું તે શોધી કાઢો. અને પછી તમારી સામે પેલો જે પ્રકાશિત પડદો હોય છે તેની ઉપર બરાબર દૃષ્ટિ નાખો. તમે ત્યાં જોશો કે કેટલીક વસ્તુઓ તો કાંઈપણ પડછાયો પાડ્યા સિવાય બરાબર પસાર થઈ જાય છે; તો આથી ઊલટું કેટલીક વસ્તુઓ થોડીક છાયા પાડે છે; તો બીજી વળી ખાસ્સો કાળો અને ગમે નહિ તેવો પડછાયો પાડે છે. તમારે આ વસ્તુ તમે જાણે એક રમત રમતા હો તેમ, સાચા હૃદયથી કરવી જોઈએ : અમુક પરિસ્થિતિમાં મેં આવી આવી વસ્તુ કરી ત્યારે મારી લાગણી આવી હતી; અને મારી વિચારણા આ રીતની હતી અને મેં તો મારી સમક્ષ આત્મજ્ઞાન અને સ્વપ્રભુત્વનો આદર્શ રાખ્યો છે : તો પછી આ કાર્ય મારા આદર્શને અનુરૂપ હતું કે નહિ ? જો એ કાર્ય સાચે જ એવું હશે તો એ પેલા પરદા ઉપર કોઈ છાયા નહિ પાડે, એ પારદર્શક જ રહેશે અને પછી એની બાબતમાં તમારે કોઈ ચિંતા કરવાપણું નહિ રહે. પરંતુ એ કાર્ય જો તમારા આદર્શને અનુરૂપ નહિ હોય તો એનો પડછાયો પડશે. ત્યારે તમને પ્રશ્ન થવો જોઈએ કે આ વસ્તુનો કેમ પડછાયો પડ્યો ? એ કાર્યમાં એવું શું હતું કે જે મારા આત્મજ્ઞાન અને આત્મ પ્રભુત્વના મારા સંકલ્પથી વિરુદ્ધ હતું ? અને આમ કરતાં કરતાં, મોટે ભાગે તમને એ વસ્તુ જણાઈ આવશે કે એ કાર્ય લગભગ અભાનપણાને મળતું હતું — ત્યારે પછી તમે તેને અચેતન વસ્તુઓના વર્ગમાં મૂકશો અને સંકલ્પ કરશો કે ફરી વાર કોઈ પણ વસ્તુ કરતાં પહેલાં તમે સચેતન થઈને કાર્ય કરશો. પણ બીજા કેટલાક પ્રસંગે તમને એમ જણાશે કે તમારા કાર્યને કે વિચારને વિકૃત કરવા માટે એક ક્ષુદ્ર મલિન અહંકાર કામ કરી ગયો હતો. પછી તમે આ અહંકારને તમારા 'પ્રકાશ' સામે મૂકશો અને તમારી જાતને પૂછશો કે, 'મને એ પ્રમાણે કરાવવાનો, વિચારાવવાનો અધિકાર હોવાનું કયા કારણને આભારી છે.' આવે વખતે તમે ગમે તેવા ખુલાસાને સ્વીકારી ન લેશો પણ જરા ઊંડું નિરીક્ષણ કરજો અને તો પછી તમને જણાશે કે તમારી પોતાની જાતના એક ખૂણામાં જ એક એવી વસ્તુ બેઠી હતી, જે કહેતી હતી કે, 'અરે ! ના, હું બધું સ્વીકારીશ પણ એ (આદર્શ) તો નહિ જ !'

તમે જોશો કે એ કોઈ તુચ્છ મિથ્યાભિમાન હશે, આત્મપ્રેમની કોઈ ક્રિયા હશે, સંતાઈ રહેલા અહંકારની કોઈ લાગણી અથવા એવી જ કોઈ સેંકડો વસ્તુઓ હશે. પછી તમે આ બધી વસ્તુઓને તમારા આદર્શના પ્રકાશમાં સારી રીતે જોઈ લેજો : 'આ ક્રિયાનું લાલન શું મારા આદર્શની મારી ખોજ અને તેની સિદ્ધિની સાથે સુસંગત છે ? હું તો હવે આ નાનકડા અંધારા ખૂણામાં પ્રકાશ આવે નહિ અને તેનો લોપ કરી દે નહિ ત્યાં સુધી એને પ્રકાશ સમક્ષ મૂકી રાખીશ.' અને પછી આ પ્રહસનનો અંત આવે છે. પરંતુ હજી તમારા આખા દિવસનું પ્રહસન પૂરું થયું નથી હોતું; કારણ કે આવી બીજી અનેક વસ્તુઓને તમારે પ્રકાશ આગળથી પસાર કરવાની બાકી રહે છે. પરંતુ જો આ રમત તમે ચાલુ રાખશો — અને સાચે જ, તમે જો સાચા હૃદયથી એ કરો તો એ રમત જ છે — તો હું તમને ખાતરી આપું છું કે છ મહિનામાં તો તમે એવા થઈ જશો કે તમે તમારી જાતને ઓળખી પણ નહિ શકો. તમે પોતાને કહેશો : 'શું હું એવો હતો ? અશક્ય !' (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૪૬)

*

તર્કયુક્ત બની રહો

પરંતુ વ્યક્તિ પોતે ઊર્ધ્વ ચેતનાની સ્થિતિએ પહોંચે તે પહેલાં પણ એક એવી અવસ્થા હોય છે જેમાં તે પોતાનામાં એક સ્પષ્ટ, ચોક્કસ તાર્કિક રીતે, વસ્તુગત રીતે જોઈ શકે તેવું, બુદ્ધિનું પાસું કેળવી શકે. અને જો વ્યક્તિએ આ પ્રકારની બુદ્ધિ સારી રીતે ખીલવેલી હોય તો બધી ઊર્મિઓ, લાગણીઓ, ઇચ્છાઓ, બધાં વિઘ્નોને આ બુદ્ધિની સમક્ષ રજૂ કરી શકાય અને એ વસ્તુ તમને વિવેકબુદ્ધિવાળા બનાવે છે. ઘણાખરા માણસો તેમને કોઈ મુશ્કેલી હોય છે ત્યારે વિવેકબુદ્ધિ વિનાના બની જાય છે. દાખલા તરીકે, એ માંદા પડે છે ત્યારે તેઓ આમ કહેતાં કહેતાં જ સમય પસાર કરે છે : 'અરે, હું કેટલો બધો બીમાર છું, કેવું ભયંકર દર્દ છે, હવે આમને આમ ચાલશે કે શું,' અને કુદરતી રીતે પછી એમની હાલત વધુને વધુ ખરાબ થાય છે. અથવા એમની ઉપર કોઈ ઉપાધિ આવી પડે છે તો તેઓ બરાડી ઊઠે છે, 'આવું બધું મને જ થાય છે અને હું પહેલાં માની બેઠો હતો કે બધું સારું જ છે.' અને પછી એ લોકો ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે, અને ઢગલો થઈ જાય છે. ભલે આપણે અતિમાનવની વાત ન કરીએ, તો પણ સામાન્ય માણસના પોતાનામાં પણ વસ્તુઓ પ્રત્યે સ્વસ્થતાથી, શાંતિથી સમજપૂર્વક નિહાળી શકે તેવી બુદ્ધિની ઉચ્ચશક્તિ રહેલી છે. અને આ બુદ્ધિ તમને કહે છે : 'ચિંતા ના કરો, એથી કંઈ વસ્તુઓ સુધરશે નહીં, તમારે કચવાટ ન કરવો જોઈએ, વસ્તુ આવી પડી છે તો તેને સ્વીકારી લેવી જોઈએ.' અને પછી તમે એકદમ શાંત થઈ જાઓ છો, આ એક સારી માનસિક તાલીમ છે, એનાથી વિવેકબુદ્ધિ, દૃષ્ટિ, વસ્તુનિષ્ઠા ખીલે છે અને તમારા ચારિત્ર્ય ઉપર તેની ઘણી તંદુરસ્ત અસર થાય છે. એનાથી તમને તમારી ઊર્મિઓના ઉછાળાઓને વશ વર્તવાની મૂર્ખાઈમાંથી મુક્ત રહેવામાં મદદ મળે છે અને તમે સમજદાર માણસની માફક વર્તી શકો છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૫૫-૫૬)

*

શ્રી માતાજી

મારી માગણી એ છે કે આપણે દરરોજ આપણી જાતને ઊર્ધ્વગામી બનાવવાનો એક સંકલ્પ કરીએ, એ પ્રતિજ્ઞા પૂર્ણ સત્યનિષ્ઠા અને શુભેચ્છાપૂર્વક, સત્યના સૂર્ય પ્રતિ, પરમ જ્યોતિ પ્રતિ, વિશ્વના જીવનના બૌદ્ધિક સ્ત્રોત પ્રત્યે, આપણી એક આતુર અભીપ્સાના સ્વરૂપમાં, એ સંકલ્પ પ્રગટ થાઓ કે જેથી કરીને એ આપણી અંદર સંપૂર્ણપણે પ્રસરી જાય અને તેના મહાન ભવ્ય આત્મા વડે આપણાં મન અને હૃદય, આપણાં સર્વ વિચારો અને આપણાં સર્વ કાર્યો આલોકિત બની રહે.

ત્યારે પછી ભૂતકાળના એક મહાન ગુરુના શિક્ષણનું અનુસરણ કરવાનો હક્ક અને માન આપણને મળશે, જેઓ આપણને કહે છે :

‘‘સંતાપથી વિક્ષુબ્ધ એવા આ જગતમાં કરુણાથી ઊભરાતાં તમારાં હૃદયોને લઈને વિહાર કરો, શિક્ષણ આપો, અને જ્યાં કોઈ પણ ઠેકાણે અજ્ઞાનનો અંધકાર રાજ્ય કરતો હોય ત્યાં મશાલનો પ્રકાશ ધખાવો.’’

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૦૮)

પ્રાણમય બંડ સાથે વ્યવહાર કઈ રીતે કરવો ?

આ તો અદ્‌ભુત વાત છે. હું ધારું છું કે પ્રાણ પોતાની શક્તિ વિશે ખૂબ જ સભાન હોય છે અને એથી જ એ એક મહત્વની વસ્તુ છે — એનામાં એક એવી સક્રિય શક્તિ રહેલી છે કે જેને લઈને કોઈ પણ મુશ્કેલી એને માટે મહા મુશ્કેલ રહેતી નથી. માત્ર એટલું જ કે એ પ્રાણની દિશા સાચી રીતની હોવી જોઈએ. પ્રાણ જો સહકાર કરે તો બધું અદ્‌ભુત બની રહે છે; પરંતુ એની પાસેથી આવો સહકાર સતતપણે મેળવવો એ સહેલી વસ્તુ નથી. પ્રાણ એ એક સરસ કામ કરનાર છે, એ ઘણી ઘણી સારી રીતે કામ કરે છે, પરંતુ કામ કરવામાં એ પોતાની અંગત તૃપ્તિને પણ ખોળતો હોય છે. એને કામ કર્યાનો ફાયદો જોઈતો હોય છે, કામ કરવામાંથી જે કાંઈ સુખ મળી શકે તેવું હોય છે તે બધું એને જોઈતું હોય છે, જે કાંઈ લાભ મળી શકે તેમ હોય તે બધા લાભ પણ એને જોઈએ છે. અને જ્યારે એક યા બીજા કારણે તેને આવી તૃપ્તિ આપવામાં આવતી નથી (એનાં ઘણાં કારણો હોઈ શકે) તો એને ધરાવો થતો નથી, એ જરા પણ તૃપ્ત થતો નથી. એને થાય છે કે, 'આ કંઈ ઠીક થતું નથી, હું કામ કરું છું, અને બદલામાં મને કંઈ પણ આપવામાં નથી આવતું.' અને પછી એ ફૂંગરાઈ બેસે છે, એ હાલતો-ચાલતો નથી, એ કંઈ બોલતો નથી અને કોઈક વાર એમ બોલે છે, 'આપણી તો જાણે હસ્તી જ નથી.' એવું થાય છે ત્યારે જાણે શરીરમાંથી બધી શક્તિ ચાલી જાય છે, તમે થાકી જાઓ છો, શિથિલ થઈ જાઓ છો, તમે વધુ કંઈ કરી શકતા નથી. અને પાછો એ પ્રાણ અચાનક બગડી બેસે છે — કારણ કે મારે તમને કહી રાખવું જોઈએ કે પ્રાણ સાથે મનને ખૂબ ગાઢ દોસ્તી હોય છે, — એ મન તે યુક્તિપ્રધાન મન નહિ, પણ જે ભૌતિક મન છે, જેને પ્રાણ સાથે ખૂબ ખૂબ સારી એવી મિત્રતા હોય છે તે હોય છે, એટલે પ્રાણ જ્યારે એમ કહેવા માંડે છે કે, 'મારે એની કંઈ પડી નથી, મારી સાથે ખરાબ વર્તાવ કરવામાં આવ્યો છે, મારે હવે એની સાથે કંઈ કામ પાડવું નથી.' એટલે તરત જ મન એમાં સહજ રીતે જ દાખલ થઈ જાય છે. એ પ્રાણને ઉત્તેજન આપે છે, સારાં સારાં કારણો આપે છે અને એ પછી પેલી જરીપુરાણી વાત બની રહે છે : 'જીવન જરા પણ જીવવા જેવું નથી.' લોકોને જોતાં ખરેખર ઘૃણા થાય છે, અને બધા સંજોગો મારી વિરુદ્ધમાં છે. આના કરતાં તો ચાલ્યા જઈએ તો સારું' અને એમ બધું ઘણું ઘણું, ઘણી ખરી વાર આમ જ બને છે, પણ કોઈક વાર ક્યાંક બુદ્ધિનો આછો સરખો ચમકાર થાય છે અને એ તમને કહે છે, 'યાર, આ ફારસ હવે બંધ કર !'

પરંતુ એવો એ પ્રાણ વધુ બળવાન બનતો જાય અને તમે જો સમયસર તેની સામે પ્રતિક્રિયા નહિ કરો તો પછી તમે નિરાશામાં ડૂબી જશો : 'ખરેખર, મારા જેવા માટે આ જીવન છે જ નહિ, હું તો ક્યાંક સ્વર્ગમાં જાઉં તો જ વધારે સુખી થાઉં. ત્યાં લોકો પણ વધારે સારા હશે, આપણું ધાર્યું તો ત્યાં જ આપણે કરી શકીએ છીએ' વગેરે. આમાંથી જ સ્વર્ગોની કલ્પના બંધાઈ છે — ખરેખર, મને લાગે છે કે આ મન અને પ્રાણ બે સાગરીતોએ મળીને સ્વર્ગની શોધ કરી છે ! કારણ કે જીવન કે અસ્તિત્વ જ્યારે તમારી કામનાઓ સાથે સુસંગત નથી હોતું

ત્યારે તમે વિલાપ કરવા માંડો છો : 'અરે, બહુ થઈ ગયું, આ દુનિયા દુઃખમય છે, ઠગારી છે' હું હવે મરી જઈશ.' અને પછી એક ક્ષણ એવી આવે છે કે જ્યારે પરિસ્થિતિ ગંભીર બની જાય છે; નિરુત્સાહ બંડમાં ફેરવાઈ જાય છે અને નિરાશા અસંતોષમાં ફેરવાઈ જાય છે. હું આ જે વાત કરું છું તે ખરાબ પ્રકૃતિનાં માણસો વિશે છે (એમાં એમનો દોષ નથી !) પણ વસ્તુસ્થિતિ એ પ્રમાણે છે—તો, જે લોકો ખરાબ પ્રકૃતિના હોય છે તે ગુસ્સે થઈ જાય છે, બળવો કરે છે, બધું ભાંગીને ભુક્કો કરી નાખવા માગે છે : 'તમે જો જો ને, લોકો હું ઇચ્છું છું એમ કરતાં નથી એટલે જરૂર એમને સજા થશે !' અને પછી પરિસ્થિતિ એથી પણ વધુ ગંભીર બને છે કારણ કે મન પણ પોતાના પ્રાણના સાગરીત તરીકેનો ભાગ ભજવવા હંમેશા હાજર જ હોય છે. એ વેર લેવાના અદ્‌ભુત વિચારો કરવા લાગે છે — નિરુત્સાહને કારણે તમે અમુક પ્રકારની મૂર્ખાઈ કરો છો, દુષ્ટતાને કારણે તમે બીજા પ્રકારની મૂર્ખાઈ આચરો છો. નિરુત્સાહને લીધે કરેલી મૂર્ખાઈઓને તમારી પોતાની સાથે સંબંધ હોય છે, જ્યારે દુષ્ટતાને કારણે આચરેલી મૂર્ખાઈઓને બીજાઓ સાથે સંબંધ હોય છે; અને કેટલીક વાર આ મૂર્ખાઈઓ ખૂબ જ ગંભીર પ્રકારની હોય છે. તમારામાં જો થોડીક શુભેચ્છા હોય તો તમે આવી કટોકટીમાં આવી પડો તેને માટે અગાઉથી એક નિયમ કરી લો કે તમારે જરા પણ ચલિત ન થવું અને તમારી જાતને કહેવું, 'હું ચલિત નહિ થાઉં, આ તોફાન પસાર થઈ જાય તેની હું રાહ જોઈશ.' કારણ કે આમ ન કરવામાં આવે તો વ્યક્તિ પોતે મહિનાઓ સુધી નિયમિત રીતે કરેલ પ્રયત્નોનો થોડીક જ ક્ષણોમાં નાશ કરી દઈ શકે છે અથવા બગાડી મૂકી શકે છે. પરંતુ હું અહીં તમને એક આશ્વાસન આપું છું.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

> **'જે લોકો પોતાના ચિત્પુરૂષની સાથે સંપર્ક સાધી શક્યા હોય છે, તેઓ જ પોતાની અંદર અભીપ્સાની જ્યોતને જીવતી રાખી શકે છે અને પોતે જે આદર્શ સાધવાનો હોય છે તેની સચેતનતા ટકાવી શકે છે. એવા લોકોને માટે પ્રાણની આવી કટોકટીઓ બહુ લાંબો વખત ટકતી નથી, એટલી બધી જોખમકારક પણ બનતી નથી. આ સચેતનતાની સહાય વડે તેઓ કોઈ તોફાને ચડેલા બાળક સાથે કામ લેતા હોય તેમ પોતાના પ્રાણની સાથે ધીરજથી અને ખંતથી કામ લે છે, તેને સત્યનું અને પ્રકાશનું દર્શન કરાવે છે, તેને ખાતરી આપવા પ્રયત્ન કરે છે, અને તેની ઘડીભરને માટે ઢંકાઈ ગયેલી શુભ વૃત્તિને જાગૃત કરી શકે છે.'**

અને છેલ્લું આશ્વાસન તે આ છે. જે લોકો ખરેખર સત્યનિષ્ઠ છે, સાચેસાચ શુભવૃત્તિવાળા છે, તેઓ આ કટોકટીઓને પ્રગતિના સાધનમાં ફેરવી લઈ શકે છે. જ્યારે જ્યારે તમારા ઉપર આ પ્રકારનો હુમલો થયો હોય, તમારા ઉપર એક પ્રકારનો ઝંઝાવાત તૂટી પડ્યો હોય, ત્યારે તમે એ કટોકટીને એક નવી પ્રગતિમાં ફેરવી દઈ શકો છો, લક્ષ્ય તરફ પહોંચવા માટેનું એક પગથિયું બનાવી લઈ શકો છો. સાચું કહીએ તો તમારામાં જો એટલી સત્યનિષ્ઠા હોય કે તમે

એ કટોકટીના કારણને તમારી પોતાની અંદર, સામે મોઢે જોઈ શકો - તમે જે કાંઈ ખોટું કર્યું હોય, તમે જે કાંઈ ખોટો વિચાર કર્યો હોય, તમે જે કોઈ ખોટી લાગણી સેવી હોય - તમે જો તમારી નિર્બળતા, ઉદ્દંડતા કે મિથ્યાભિમાનને જોઈ શકતા હો (કારણ કે હું તમને એ કહેવાનું ભૂલી ગઈ કે મન કરતાં પ્રાણમાં ઘણું વધારે મિથ્યાભિમાન હોય છે), એ બધું તમે જો સામે માઢેથી જોશો અને એ ભૂલનું જે પરિણામ આવ્યું હોય તેને પ્રમાણિકપણે અને સાચા દિલથી જો તપાસશો તો પછી એ બગડેલા ભાગ ઉપર તમે એક તપાવેલું લાલચોળ લોખંડ મૂકી શકશો. એ નિર્બળતાને શુદ્ધ કરીને તમે એક નવી ચેતનામાં ફેરવી લઈ શકશો. અને તમને જણાશે કે એ ઝંઝાવાત પછી તમે થોડો વિકાસ કર્યો છે, તમે એક સાચી પ્રગતિ કરી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ :૫૯થી ૬૨)

*

કાર્ય કરવામાં પોતાની જાતને ભૂલી જવી

તમે તમારી જાતને હંમેશાં વધુને વધુ ધ્યાનમગ્ન કરી દે તેવા કાર્યમાં રોકી દઈ પોતાની જાતને જ ભૂલી જવાનો પ્રયત્ન કરી શકો, એટલે કે, પોતે જ કાંઈ કરતા હો તે પ્રભુને સમર્પણ કરવાના ભાવપૂર્વક, તદ્દન નિઃસ્વાર્થપણે છતાં ભવ્ય રીતે, આત્મદાનને ભાવે, એક પૂર્ણ આત્મવિસ્મરણ સાથે કરી શકોઃ પોતાની જાત વિશે નહિ પણ પોતે જે કરતા હો તેના જ વિચારમાં રોકાયેલા રહી શકો. તમે આ વસ્તુ જાણો છો, મેં આ બાબતમાં તમને કહેલું છે જ : જો તમારે કોઈ વસ્તુ સારી રીતે કરવી હોય તો, એ ગમે તે હોય. કોઈ પણ પ્રકારનું કાર્ય હોય, નાનામાં નાની આ વસ્તુ હોય, કોઈ રમત હોય, કોઈ પુસ્તક લખવાનું હોય, કોઈ ચિત્ર ચીતરવાનું હોય, સંગીતની રચના કરવાની હોય, કોઈ દોડની હોડમાં ભાગ લેવાનો હોય, ગમે તે વસ્તુ હોય, જો તમારે એ સારી રીતે કરવી હોય તો એક નાનકડો માનવ પોતાની જાતનું અવલોકન કરી રહ્યો હોય તેમ પોતાને લક્ષમાં લીધા વિના, તમે જે વસ્તુ કરી રહ્યા હો તે વસ્તુ જેવા **બની** રહેવું જોઈએ; કારણ કે જો તમે જે કાર્ય કરતા હો તેને જોતા રહેતા જાઓ તો તમે... તમે તમારા અહં સાથે સંસર્ગમાં રહેલા હો છો. જો તમે પોતાની જાતમાં પોતે જે વસ્તુ કરી રહ્યા હો તે વસ્તુરૂપ બની શકો, તો એ એક મોટી પ્રગતિ કરી કહેવાય. જરા જેટલી નાની વિગતોની બાબતમાં પણ તમારે આ વસ્તુ શીખી રાખવી જોઈએ. જરા એક હાસ્યજનક દાખલો લઈએ, તમારે એક શીશીમાંથી બીજી શીશીમાં કોઈક પ્રવાહી ભરવું હોય છે; તો તમે એકાગ્રતા કરો છો (આ વસ્તુ તમે એક તાલીમ અથવા વ્યાયામ તરીકે કરી શકો છો); તો, જ્યાં લગી તમે જે શીશીમાં પ્રવાહી ભરવાનું હોય તે શીશીના સ્વરૂપે, જે શીશીમાંથી પ્રવાહી રેડવાનું હોય તેના સ્વરૂપે અને રેડવાની ક્રિયારૂપે બની રહો છો, અને જ્યાં લગી તમે એટલું માત્ર બની રહી રેડવાની ગતિરૂપ બની રહો છો, ત્યાં લગી બધું બરાબર ચાલે છે. પરંતુ કમનસીબે તમે જો કોઈ ક્ષણે એમ વિચાર કરવા લાગોઃ ''ઓહ ! આ તો બરાબર થયે જાય છે. આપણે બરોબર સંચાલન કરી રહ્યાં છીએ.'' અને બીજી જ મિનિટે એ પ્રવાહી બહાર ઢળાઈ જાય છે ! દરેક

વસ્તુ માટે, બધી વસ્તુ માટે આમ જ છે. આટલા માટે જ તાલીમ લેવા માટે કામ કરવું એ સારું સાધન છે, કારણ કે જો તમારે કામ બરાબર રીતે કરવું હોય તો તમારે કામરૂપે **બની** રહેવું પડે છે. જો તમે કર્તૃત્વભાવવાળા હશો તો તમે કામ કદી સારી રીતે કરી શકશો નહિ. જો તમે ''કોઈ કાર્ય કરનારી વ્યક્તિ'' બની રહેશો, અને વધુમાં, જો તમારા વિચારો અસ્તવ્યસ્ત રખડતા હશે તો ખાતરી રાખજો કે જો તમે કોઈ નાજુક વસ્તુ સાથે કામ પાડી રહ્યા હશો તો એને ભાંગશો, જો તમે રાંધતા હશો તો તમારાથી કોઈ વસ્તુ બળી જશે, અથવા જો તમે કોઈ રમત રમતા હશો તો બધા બૉલ તમે ચૂકી જશો ! કામ કરવામાં એક મોટી તાલીમ સમાયેલી છે તે આ રીતે છે. કારણ કે સાચું કહીએ તો કોઈ પણ વસ્તુ તમારે સારી રીતે કરવી હોય તો એ કરવાનો રસ્તો માત્ર આ જ છે.....

*

પોતાની જાત તરફ વળી વળીને પાછા ફરવું, કેવળ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોઈ શકાય એટલા નાના પોતાના અહંભાવની મર્યાદાઓમાં પોતાની જાતને પૂરી મૂકવાની વૃત્તિ જ આ લઘુતા, બદ્ધતા, ક્ષુદ્રતા અને બલહીનતાની લાગણી જન્માવનાર છે. પોતાની જાતને વિશાળતર કરવી જોઈએ, દ્વાર ખુલ્લાં કરવાં જોઈએ. અને આ વસ્તુ કરવા માટે આપણે પોતાની જાત ઉપર કેન્દ્રિત થઈ રહેવા કરતાં પોતે જે કાર્ય કરી રહ્યાં હોઈએ તે વસ્તુ ઉપર કેન્દ્રિત થઈ રહેવું એ વધારે સારી વસ્તુ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ :૩૪થી ૩૬)

*

નિઃસ્વાર્થ કાર્ય કરવું

જો તમારે સાધના કરવી હોય તો એ સ્પષ્ટ છે કે કોઈ અંશકાલીન ધંધો કરવો જોઈએ જે સ્વાર્થ માટેનો ન હોય, એટલે કે તે ફક્ત પોતાના જ માટે કરાતો ન હોય. અભ્યાસ ઘણી સારી વસ્તુ છે — બહુ જરૂરી. અનિવાર્ય પણ, ફક્ત તે મેં તમને થોડા સમય અગાઉ જે વાત કરી તેનો એક ભાગ છે, કે તમે નાનાં હો ત્યારે તમારે ભણવું જ જોઈએ, કારણ કે જ્યારે તમે મોટાં થાઓ ત્યારે તે વધારે કઠિન બને છે — પણ એક એવી ઉંમર હોય છે જ્યારે તમારા અભ્યાસનો પાયો અનિવાર્ય હોવો જોઈએ અને જ્યારે, તમે સાધના કરવાની શરૂઆત કરો ત્યારે, તમારે એવી વસ્તુ કરવી જોઈએ જે કેવળ તમારા અંગત હેતુ ખાતર ન હોય, વ્યક્તિએ કાંઈક એવું કરવું જોઈએ જે થોડું બિનસ્વાર્થી હોય, કારણ કે જો માણસ કેવળ પોતાની જાતમાં મશગૂલ હોય, તો તે એક પ્રકારના કાચબાની ઢાલ નીચે સંકોચાયેલો હોય અને વૈશ્વિક બળોના સંપર્કમાં ન હોય. એક નાની નિઃસ્વાર્થ ક્રિયા, કોઈ પણ જાતના અહંકારવિહીન હેતુથી કરેલું અને નાનું કાર્ય પોતાના નાનકડા બિંદુવાળા વ્યક્તિત્વને બદલે કોઈ બીજી વસ્તુ પ્રત્યે એક બારણું ખોલે છે.

માણસ ઘણે ભાગે પોતાના કોચલામાં પુરાયેલો હોય છે અને બીજાં કોચલાંઓ પ્રત્યે ત્યારે જાગ્રત બને છે જ્યારે તેને એક ધક્કો અથવા ઘર્ષણ થાય, પણ ચારે બાજુ શક્તિની ચેતના,

અન્યોન્યનો આધાર — એક વિરલ વસ્તુ છે. એ સાધનાની અનિવાર્ય અવસ્થામાંની એક છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૪૯)

*

આપણે આપણી ચેતનાને વિશાળ કેવી રીતે કરી શકીએ ?

સૌથી સહેલો માર્ગ છે તમારી જાતનું કોઈ બૃહદ્ વસ્તુ સાથે ઐક્ય કરાવવું. દા.ત. તમને જ્યારે લાગે કે તમે સંકુચિત અને મર્યાદિત વિચારમાં, સંકલ્પશક્તિમાં અથવા ચેતનામાં કેદ પુરાયેલા છો, જ્યારે તમે અનુભવો કે જાણે તમે કોઈ કોચલામાં પુરાયેલા છો તો પછી તમે કોઈક વિશાળ વસ્તુનો વિચાર કરવાની શરૂઆત કરો. દા.ત. એક મહાસાગરના વિશાળ પાણીની વિપુલતાનો, અને જો તમે આ મહાસાગર વિશે વિચાર કરી શકો કે તે કેટલે દૂર દૂર, દૂર દૂર સુધી ફેલાયેલો છે, બધી જ દિશાઓમાં, આ રીતે (માતાજી તેમના હાથ ફેલાવે છે) તે કઈ રીતે, તમારી સરખામણીમાં, કેટલે દૂર સુધી ફેલાયેલો છે કે તમે તેનો કિનારો પણ જોઈ શકતા નથી, તમે તેના અંત સુધી પહોંચી શકતા નથી, તમે તેની પાછળ કે આગળ કે જમણી કે ડાબી બાજુએ... તે કેટલો વિશાળ, વિશાળ, વિશાળ, વિશાળ છે.... આ વસ્તુનો વિચાર કરો અને પછી વિચાર કરો કે તમે આ દરિયા પર તર્યા કરો છો, તે પ્રમાણે અને તેને નથી મર્યાદાઓ... આમ કરવું ઘણું સરળ છે; તો પછી તમે તમારી ચેતનાને જરા વધારે વિશાળ બનાવી શકો.

બીજા લોકો, દા.ત. આકાશ તરફ જોવાની શરૂઆત કરે છે. અને પછી બધા તારાઓ વચ્ચે રહેલા અવકાશ વિશે કલ્પના કરે છે... તે અવકાશની અનંતતાનો, જેમાં પૃથ્વી તો ફક્ત એક નાનકડું બિંદુ છે અને તમે પોતે તો પૃથ્વી ઉપરનું સાવ નાનું બિંદુ છો, કીડી કરતાં પણ નાનું. અને આમ તમે આકાશ તરફ નજર કરો છો અને તમે બધા ગ્રહો વચ્ચે રહેલા અવકાશની અનંત જગાઓ વચ્ચે તરતા હો છો અને તમે વિશાળ અને વિશાળ બનતા જાઓ છો. કેટલાક લોકો આ રીતે કરવામાં સફળ થાય છે.

એક બીજા માર્ગમાં તમે તમારી જાતને પૃથ્વી પર રહેલી બધી વસ્તુઓ સાથે ઐક્ય કરવાનો પ્રયત્ન કરવાનો. દા.ત. તમારું દૃષ્ટિબિંદુ કોઈક વસ્તુ માટે સાંકડું છે અને બીજાના દૃષ્ટિબિંદુથી તમને દુઃખ થાય છે, ત્યારે તમારે તમારી ચેતનાને ખસેડવાની શરૂઆત કરવી અને બીજામાં મુકવાનો પ્રયત્ન કરો અને બીજા બધાંઓની જે વિચાર કરવાની જુદી પદ્ધતિ છે તે ઉપર તમારી જાતનું ધીરે ધીરે ઐક્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. આ થોડું વધારે.... હું કઈ રીતે સમજાવું... જોખમી છે. કારણ કે પોતાની જાતને બીજાના વિચારો અને સંકલ્પ સાથે તદ્રૂપ કરવી એટલે બીજાઓની મૂર્ખાઈઓ (માતાજી હસે છે) અને અશુભ સંકલ્પો સાથે એકતા સાધવી, અને આનાં પરિણામો કંઈ બહુ સારાં ન આવે. પરંતુ તેમ છતાં બીજા લોકો આ બહુ સહેલાઈથી કરે છે. દા.ત. જ્યારે તેઓ બીજાઓ સાથે સહમત ન હોય ત્યારે તેમની ચેતનાને વિશાળ કરવા માટે તેઓ બીજાઓની જગાએ પોતાની જાતને મૂકે છે અને તે વિચારોને પોતાના દૃષ્ટિબિંદુથી

નહિ પરંતુ બીજાઓના દૃષ્ટિબિંદુથી જુએ છે. આ વસ્તુ ચેતનાને વિશાળ કરે છે પરંતુ મેં જે પહેલાં રીતો કહી તેટલા પ્રમાણમાં નહીં. એ નિર્દોષ રીતો છે. તે રીતો તમને નુકસાન કરતી નથી વધારે ફાયદો કરે છે. તેઓ તમને ખૂબ શાંત બનાવે છે.

ચેતનાને વિશાળ કરવાની બુદ્ધિયુક્ત રીતો ઘણી છે. મેં મારા પુસ્તકમાં આ બધી રીતોને વિગતવાર સમજાવી છે. પરંતુ ગમે તે પ્રસંગે, જ્યારે કોઈ વસ્તુ કંટાળો આપે, દર્દ આપે અથવા અપ્રસન્ન કરે ત્યારે જો તમે સમયની શાશ્વતીનો અને અવકાશની અનંતતાનો વિચાર કરવાનું શરૂ કરો, જો તમે પહેલાં જે વસ્તુઓ પસાર થઈ ગઈ અને હવે પછી ભવિષ્યમાં આવનાર વસ્તુઓનો વિચાર કરો, અને એમ વિચારો કે આ ક્ષણ ફક્ત શાશ્વતીનો એક ઉચ્છવાસ છે અને કોઈ વસ્તુથી અસ્વસ્થ થવું એ કેટલું હાસ્યાસ્પદ છે... જે શાશ્વતીના સમયમાં છે તેના વિશે સભાન થવા માટે માણસ માટે સમય પણ નથી, જગા પણ નથી અને અગત્ય પણ નથી કારણ કે શાશ્વતીમાં એક સેકંડની કઈ ગણતરી ? જો તે સમજવાની કોઈ દરકાર કરે... કેવી રીતે મૂકું... તેનાં દર્શન કરવા માટે પોતે કેટલો નાનો છે તેનું ચિત્ર કરવા માટે, પોતે નાનકડી પૃથ્વી ઉપર છે તેમાં ચેતનાની નાની ક્ષણ માટે જે ક્ષણ તમને દર્દ પહોંચાડે છે અથવા દુઃખદાયક છે. ફક્ત આટલી જ વસ્તુ માટે — જે પોતાની અંદર તમારા અસ્તિત્વમાં ફક્ત એક જ ક્ષણ છે, તમારા સ્વરૂપની કેટલી બધી વસ્તુઓ પહેલી બની ગયેલ અને ઘણી વસ્તુઓ હવે પછી બનશે, અને અત્યારે જે વસ્તુ અસર કરે છે તેને તમે દસ વર્ષમાં કદાચ ભૂલી પણ ગયાં હશો અથવા કદાચ યાદ આવે તો તમે જ કહેશો, ''શા માટે એ વસ્તુને મારાથી એટલી બધી અગત્ય અપાઈ ગઈ ?... જો તમે પેલી વસ્તુને પ્રથમ જાણી શકો અને તમારું નાનું વ્યક્તિત્વ જે શાશ્વતીમાં ફક્ત એક જ સેકંડ પૂરતું છે, પૂરી સેકંડ જેટલું પણ નહીં, શાશ્વતીની સેકંડનો એક નાનકડો ભાગ, અને એમ જોઈ શકો કે આખું જગત આની પહેલાં ખૂલી ગયેલું છે અને હજુ ખૂલ્યા જ કરશે, અનંત રીતે, આગળ અને પાછળ અને આવું બધું.... વારુ તો પછી તમે ઓચિંતા એમ અનુભવશો કે તમારી સાથે જે વસ્તુ બની ગઈ તે કેટલી હાસ્યાસ્પદ હતી... અને તમે ખરેખર એમ અનુભવો... કે તમારા જીવનમાં, તમારી જાત સાથે જે જે વસ્તુઓ બને છે તેને કોઈ પણ અગત્ય આપવી એ કેટલી બધી મૂર્ખતા છે.... અને ત્રણ મિનિટના ગાળામાં જો આ વસ્તુ તમે કરી શકો તો તમારી બધી જ નારાજી દૂર થઈ જશે. ઘણું ઊંડું દર્દ પણ સાફ થઈ જશે. ફક્ત આ પ્રકારની એકાગ્રતામાં અને પોતાની જાતને અનંતતામાં અને શાશ્વતીમાં મૂકી દેવાની. દરેક વસ્તુ ચાલી જાય છે. માણસ સ્વચ્છ બનીને તેમાંથી બહાર નીકળે છે. માણસ બધી જ આસક્તિઓમાંથી મુક્ત થઈ શકે છે, ઊંડા દર્દમાંથી, હું કહું છું — દરેક વસ્તુમાંથી, આ રીતે — જો કોઈ જાણે કે આ વસ્તુ સાચી રીતે કેમ કરવી તો તે તમને તમારા નાનકડા અહંમાંથી બહાર કાઢે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૩૪-૩૬)

*

દૃઢ નિશ્ચય

મધુર માતાજી, આપણે આપણા નિશ્ચયને કઈ રીતે મક્કમ બનાવી શકીએ ?

તેને ખૂબ મક્કમ બનાવવાની જરૂરિયાત કરવાથી ! (હાસ્ય)

ના. આ તમને એક રમૂજી વાત લાગે છે... પરંતુ તે બિલકુલ સાચું છે. વ્યક્તિને તેની સાચી જરૂરિયાત લાગતી નથી, તેમાં એક સચ્ચાઈની ખામી છે. જો તમે સચ્ચાઈપૂર્વક જુઓ તો તમને સમજાશે કે તમે નિશ્ચય કરેલો છે કે આ પ્રમાણે બનવું જોઈએ. અને પછીથી તેની નીચે કાંઈક એવી વસ્તુ હશે જેણે તે પ્રમાણે બિલકુલ નિશ્ચય કરેલો નહિ હોય. અને તમે એક સેકંડ માટે ખચકાશો અને તે વખતે તે વસ્તુ આગળ ધસી આવે છે. જો તમે સાચદિલ હશો, જો તમે સચ્ચાઈવાળા હશો અને જે ભાગ સંતાયેલો, રાહ જોતો અને પોતે ધ્યાનમાં ન આવે તેવો હશે, જે જાણે છે કે એક એવી ક્ષણ આવશે જ્યારે તમારો નિશ્ચય ડગી જશે અને તે વસ્તુ આગળ ધસી જઈને તમે જે વસ્તુ કરવાનો નિર્ણય કર્યો હશે તે ન કરો તેવું તમારી પાસે કરાવશે.

પરંતુ જો તમારે તેની ખરેખરી જરૂર હશે, તો તમારે જે કરવું છે તેમાંથી દુનિયાની કોઈ પણ વસ્તુ તમને અટકાવી શકશે નહીં. એ એટલા માટે છે કારણ કે વ્યક્તિને કઈ રીતે તેને માટે સંકલ્પ કરવો તેની જાણ નથી. કારણ કે વ્યક્તિ પોતાના સંકલ્પની અંદર વિભક્ત છે. જો તમારી સંકલ્પશક્તિમાં તમે વિભક્ત ન હો, તો હું કહું છું કે કોઈ પણ વસ્તુ કે જગતની કોઈ પણ વ્યક્તિ તમારા સંકલ્પમાં ફેરફાર કરાવી શકશે નહીં.

પરંતુ વ્યક્તિ જાણતી નથી કે કેવી રીતે સંકલ્પ કરવો. હકીકતમાં તો કોઈને તેમ કરવાની ઇચ્છા પણ નથી. આ બધાં હળવાં પ્રકારનાં ન કરવા માટેનાં બહાનાં છે ! વારુ, તે આ પ્રમાણે છે... ''જો તે પ્રમાણે હોત તો સારું થાત. હા, જો તે પ્રમાણે હોત તો સારું થાત, હા, એમ બન્યું હોત તો વધારે સારું થાત !'' પરંતુ આ વસ્તુ કાંઈ સંકલ્પશક્તિ નથી. અને તેની પાછળ મગજના કોઈ ખૂણામાં કાંઈક ગુપ્ત બેઠેલું હોય તે જુએ છે અને કહે છે, ''આહ, મારે તેની શી જરૂર ? છેવટે તો તેનાથી ઊલટું જ મારે જરૂરનું છે,'' અને આ રીતે પ્રયત્ન કરવા માટે તમે જુઓ... તે પ્રમાણે નહીં, થોડી રાહ જુઓ.... માણસ તે ન કરવા માટે હજાર બહાનાં શોધી શકે છે. અને આહ, એક જરા જેટલું ચિત્ત ડોલાયમાન થાય, તેટલું જ બસ છે... પેલી વસ્તુ નીચે ઊતરી આવે છે અને ત્યાં સ્થાપન થઈ જાય છે. પરંતુ જો વ્યક્તિ સંકલ્પ કરે, જો તે ખરેખર જાણે કે વસ્તુ આ પ્રમાણે છે અને તેને ખરેખર આ વસ્તુ જોઈતી હોય અને વ્યક્તિ જો પોતાનું સ્વરૂપ પોતાના સંકલ્પમાં એકાગ્ર હોય તો હું કહું છું કે દુનિયામાં કોઈ એવી વસ્તુ નથી જે તેને તેમ કરવામાંથી અટકાવી શકે. તેમ કરવામાં અથવા તેમ કરવાની ફરજમાંથી અટકાવે તે કઈ વસ્તુ છે તેના ઉપર આધાર છે.

વ્યક્તિને તેની જરૂર છે. હા, વ્યક્તિને તે જોઈએ છે, આ રીતે (ક્રિયા) વ્યક્તિને જોઈએ છીએ, ''હા, હા, તે પ્રમાણે હોત તો વધારે સારું થાત. હા, તે વધારે સુંદર થાત, વધારે ભવ્ય.'' — પણ ઈહ, ઈહ, છેવટે માનવી નબળું પ્રાણી છે, તે પ્રમાણે નથી ? અને પછીથી માણસ

બીજી ગમે તે વસ્તુ ઉપર દોષ ઢોળી દઈ શકે છે. ''તે અસર બહારથી આવે છે. તે બધા જુદા જુદા સંજોગો એવા આવે છે.''

અને બધું ખલાસ થઈ જાય છે. તમે સમજ્યા. તમે જાણતા નથી... કાંઈક બને છે.... અચેતનતાની એક ક્ષણ.... ''અરે, હું સચેતન નહોતો.'' તમે સચેતન નથી કારણ કે તમે તે સ્વીકારતા નથી... આવું બધું બને છે કારણ કે વ્યક્તિને ખબર નથી કે સંકલ્પ કઈ રીતે કરવો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૩૬-૩૮)

*

તમારી સત્તાને એકત્રિત કરો

કઈ રીતે સંકલ્પ કરવો એ ઘણી અગત્યની વસ્તુ છે. અને સાચી રીતે સંકલ્પ કરવો માટે તમારે તમારી સત્તાને એકત્રિત કરવી પડશે. હકીકતમાં પોતાનું સ્વરૂપ બનવા માટે વ્યક્તિએ પોતાના સ્વરૂપને એકત્રિત કરવું જોઈએ. જો વ્યક્તિ બિલકુલ એકબીજાથી વિરોધી વલણોથી ખેંચાય, જો વ્યક્તિ પોતાની જિંદગીનો ત્રણ ચતુર્થાંશ ભાગ પોતાની જાતને સચેતન કર્યા સિવાય પસાર કરે અને શા માટે તે વસ્તુઓ તે પ્રમાણે કરે છે તેનાં કારણો જાણવા માગે, તો માણસો ખરેખર પોતે પોતાની સત્-તાનું સ્વરૂપ હોય છે ? વ્યકિત હસ્તી ધરાવતી જ નથી. વ્યક્તિ બાહ્ય અસરોનો એક સમૂહ છે, ક્રિયાઓનાં બળોનો, તેમનાં પ્રતિકાર્યોનો, પરંતુ તે કાંઈ તેની સત્-તા નથી. તે સત્-તા બનવાની ત્યારે જ શરૂઆત કરે છે જ્યારે તે સંકલ્પને અમલમાં મૂકવાની શરૂઆત કરે છે. અને જ્યાં સુધી વ્યક્તિ એકત્રિત બનતી નથી ત્યાં સુધી તેનામાં સંકલ્પશક્તિ આવતી નથી.

અને જ્યારે તમારામાં સંકલ્પશક્તિ આવે છે ત્યારે તમે પ્રભુને કહી શકશો, ''તમારે જે જોઈએ તેની જ મારે જરૂર છે'', પરંતુ તે પહેલાં નહીં. પ્રભુને જેની જરૂર હોય તે હોવા માટે તમારામાં સંકલ્પ હોવો જોઈએ, નહિ તો તમે કોઈ સંકલ્પ કરી શકશો નહીં. તમને તેવા બનવું ગમશે. તમને તે ખૂબ પસંદ પડશે. પ્રભુને જે કરવાની જરૂર લાગે તે કરવામાં તમને ખૂબ આનંદ આવશે. પરંતુ તમારી પાસે એવી સંકલ્પશક્તિ નથી જે તમે પ્રભુની સેવામાં મૂકી શકો, એવા પ્રકારની કોઈ વસ્તુ, ચીકણા પદાર્થ જેવી, જેલી-ફીશ જેવી - ત્યાં- શુભ સંકલ્પોનો જથ્થો, અને હું ઊજળી બાજુનો વિચાર કરું છું અને અશુભ સંકલ્પને ભૂલી જવાનું.... એક શુભ સંકલ્પોનો સમૂહ, અર્ધચેતન અને હાલતું ચાલતું.... (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૩૮)

*

માનવજીવનનો હેતુ

ચીનાઓ એને તાઓ કહે છે તો હિન્દુઓ બ્રહ્મન્ અને બૌદ્ધો ધમ્મ તથા હર્મીસ એને શુભતત્ત્વ કહે છે, પ્રાચીન યહુદી પરંપરા અનુસાર એને કોઈ નામ આપી શકાય નહિ, તો ખ્રિસ્તીઓ એને પ્રભુ કહે છે અને ભૌતિકવાદીઓ એને ન્યાય અથવા સત્ય કહે છે.

માનવ જીવનનો હેતુ છે આ લક્ષ્ય વિશે સજ્ઞાન બનવું.

માનવનું જીવનકાર્ય છે એનો આવિર્ભાવ કરવો.

બધા ધર્મો અને સાધુસંતોના ઉપદેશોમાં આ લક્ષ્યને પામવાની પદ્ધતિઓનો જ બોધ રહેલો છે, બીજું કાંઈ નહિ.

પહેલી પદ્ધતિ બૌદ્ધિક છે : સત્ય માટેનો પ્રેમ, પરમ તત્ત્વની ખોજ.

વિવેક, અભ્યાસ, ચિંતન, આત્મવિશ્લેષણ, આત્મસંયમ અને વિચારની એકાગ્રતા દ્વારા મનુષ્ય વ્યક્તિત્વના, અહંકારના ભ્રમને હટાવી શકે છે, તે જોઈ શકે છે કે એ અણુઓના સમુચ્ચયથી બનેલો, આકાશતત્ત્વ સઘન બનતાં બનેલો એક પદાર્થ જ છે, જે સ્વયં કેવળ એક આભાસ છે.

જ્યારે આપણે 'મારી જાત' વિશે કહીએ છીએ ત્યારે આપણે શાની વાત કરીએ છીએ ? શરીરની ? સંવેદનાઓની? લાગણીઓની ? વિચારોની ? આ બધાની કોઈ સ્થિરતા નથી. અસ્તિતવના આ પ્રત્યેક ક્ષેત્રમાં જે કઠોર ક્રમબદ્ધતા રહેલી છે તેમાંથી સાતત્યનો આભાસ જન્મે છે અને આ ક્રમબદ્ધતામાં અનેક આંતરિક તેમ જ બાહ્ય પ્રભાવો પ્રવેશે છે. તો પછી આત્મા ક્યાં છે, એ કાયમી અને સ્થાયી અને સદા એકસરખું રહેતું તત્ત્વ કયાં છે ? એને શોધવા માટે, આ પરમતત્ત્વને પામવા માટે આપણે ગહનતામાંથી ગહનતા પ્રતિ, સાપેક્ષતામાંથી સાપેક્ષતા પ્રતિ (કારણ કે રૂપધારી સર્વ કાંઈ સાપેક્ષ છે) જવું જોઈએ, ત્યાં સુધી કે જ્યાં આપણે આપણી બુદ્ધિ જેનો વિચાર કરી શકતી નથી, આપણી વાણી જેઓ ઉચ્ચાર કરી શકતી નથી તે તત્ત્વને આપણે પામી લઈએ; એવું તત્ત્વ કે જે તેની સાથે તદ્રુપ થવાથી જ પામી શકાય છે, કારણ કે તેને આપણે આપણી અંદર જ ધારણ કરીએ છીએ અને એ જ આપણાં અસ્તિત્વનું કેન્દ્ર અને પ્રાણ છે.

બીજી પદ્ધતિ છે પ્રભુનો પ્રેમ. જેમની ધાર્મિક વૃત્તિ વિકસેલી છે, તેમની આ પદ્ધતિ છે.

સંપૂર્ણ પ્રકાશની ક્ષણોમાં આપણા અનુભવમાં આવતા સર્વ પદાર્થોની દિવ્ય સત્તા માટેની અભીપ્સા.

આ દિવ્ય સત્તાને, દિવ્ય ચેતનાને કરાતું આત્મનિવેદન, પોતાના તમામ કર્મોમાં અને પ્રત્યેક પળે કરાતું સમગ્ર આત્માર્પણ, પૂર્ણ સમર્પણ. પછી વ્યક્તિ પરમ પ્રભુનું એક વિનમ્ર કરણ, એક વફાદાર સેવક બની રહે છે. આ પ્રેમ એટલો તો પૂર્ણ હોય છે કે જે કોઈ તત્ત્વ દિવ્ય નથી, જે તત્ત્વમાં દિવ્યતા ઉપર અંતિમ અને સંપૂર્ણ એકાગ્રતા નથી એ સર્વથી એ પોતાને અલગ કરી દે છે.

''ઉપરાંત પ્રેમથી ઉપર ઊઠવું એ કાંઈ અસંભવ નથી, કારણકે પ્રેમ સ્વયં પણ પ્રેમી અને પ્રિયતમ વચ્ચેનો એક પડદો જ છે.''

એ છે તન્મયતા

ત્રીજી પદ્ધતિ છે માનવજાતિનો પ્રેમ. માનવજાતિની અમાપ યાતનાઓના ઉત્કટ દર્શન માંથી, એક વિશુદ્ધ દૃષ્ટિમાંથી આ યાતનાઓ સંપૂર્ણપણે દૂર થઈ જાય એ કાર્યમાં પોતાની

જાતને અર્પિત કરવા માટેનો એક સંકલ્પ જાગે છે.

પોતાના તમામ વિચારો, પોતાની તમામ શક્તિઓ, પોતાની તમામ પ્રવૃત્તિઓ બીજાઓને સહાયરૂપ થવામાં અર્પિત કરવી. ભલે પછી એ સહાય કેટલીય અલ્પ કેમ ન હોય, અને એમાં પોતાની જાતને ભૂલી જવી.

''કરુણાથી ઊભરાતાં હૃદયે દુઃખથી ત્રસ્ત આ જગતની અંદર ચાલ્યા જાઓ, સાચું જ્ઞાન આપો અને જ્યાં જ્યાં અજ્ઞાનનો અંધકાર છવાયો છે ત્યાં જ્યોતિ પ્રગટાવો.''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૩૪૫-૩૪૭)

*

બે સમાંતર ધારાઓ

વ્યક્તિના વિકાસક્રમમાં બે સમાંતર ધારાઓ હોવી જોઈએ અને તે કોઈ એક ઉપર એકાગ્રતા કરવાને માટે એક યા બીજી ધારાની સામાન્યપણે અવગણના કરે છે તેથી તેની પ્રગતિ આટલી લથડતી અને અસમતોલ બની જાય છે.

એમાંની એક ધારા છે, અસ્તિત્વનાં ઘટક તત્ત્વો, ભૌતિક, સંવેદનાત્મક, બૌદ્ધિક અને આધ્યાત્મિક તત્ત્વો વિશે સભાન થવું, આપણી ભીતરના જીવનની તમામ રચનાનો, એનાં તમામ વલણો, ગુણો, શક્તિઓ અને વિવિધ પ્રવૃત્તિઓનો તટસ્થ રીતે આપણે પરિચય મેળવવો જોઈએ; તટસ્થ રીતે એટલે કે શુભ અશુભ અંગેના કોઈ પૂર્વાગ્રહ વિના, શું ટકી રહેવું જોઈએ કે લોપ પામવું જોઈએ, શાને ટેકો મળવો જોઈએ અને શું દબાવી દેવાવું જોઈએ તે વિશેના એકાંતિક અને મનસ્વી ચુકાદાઓ આપ્યા વિના (કારણકે આપણા આ ચુકાદાઓમાં સ્પષ્ટ દૃષ્ટિનો અનિવાર્ય અભાવ હોય છે.) આપણે શું છીએ તે અંગેનું આપણું દર્શન સચ્ચાઈપૂર્ણ તથા સમગ્રાત્મક હોય એમ આપણે ઇચ્છતાં હોઈએ તો એ વસ્તુલક્ષી અને આગ્રહમુક્ત હોવું જોઈએ. આપણી સમક્ષ એક એવું વિશ્વ આવી ઊભેલું છે, જેની નાનામાં નાની વિગતોની આપણે ખોજ કરવાની છે અને પૂર્ણ બુદ્ધિસંગત અને બિનઅંગત વૈજ્ઞાનિક વલણથી, એટલે કે કોઈ અનુભવપૂર્વના નિર્ણયોનો આધાર લીધા વિના એના અગમ્ય અને સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વોને આપણે જાણવાનાં છે.

આપણે ગમે તે માનીએ પણ નિરીક્ષણ, વિશ્લેષણ અને આંતર્નિરીક્ષણનું આ કાર્ય કદાપિ પૂરું થવાનું નથી. આપણે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર શરીર ધારણ કરી રહ્યાં છીએ ત્યાં સુધી આપણે આપણી સંકુલ સત્તાનો હંમેશાં અભ્યાસ કરતાં રહેવું જોઈએ; જેથી એનો કોઈ પણ અંશ આપણા જ્ઞાનની પકડમાંથી અને પરિણામે આપણા અંકુશમાંથી છટકી ન જાય : કારણકે આપણે જેને જાણીએ છીએ તેના પર જ આપણું પ્રભુત્વ હોઈ શકે. અને જેના પર આપણું પ્રભુત્વ હોય તેને જ આપણે આપણા તાબામાં રાખી શકીએ.

આ તથ્ય આપણને બીજી ધારા પાસે લઈ આવે છે, જે પ્રથમ ધારાની સાથે સાથે અને તેની સમાંતર ચાલવી જોઈએ, એ છે આત્મનિવેદન. આપણાં અંકુશમાં રહેલાં તમામ તત્ત્વોનું પરમ

અને દિવ્ય ચેતનાને કરાતું અવિચળ સમર્પણ, ફરી ફરીને થતું નિરંતર સમર્પણ.

પોતાના વિશે સજ્ઞાન બનેલાં પ્રત્યેક તત્ત્વે, પ્રત્યેક વલણે અને પ્રત્યેક શક્તિએ બાલસહજ વિશ્વાસ સાથે સમગ્ર અસ્તિત્વના શાશ્વત સત્ત્વની સર્વોચ્ચ માર્ગદર્શક ચેતનાને પોતાનું આત્મસમર્પણ કરવું જોઈએ. તે ચેતના પછી આ તત્ત્વોને સમ્યક રીતે વર્ગીકૃત કરશે, ગોઠવશે, કાર્યમાં યોજશે, કોને કાર્યમાં યોજી શકાશે અને કોને નહિ, કોને ટેકો મળવો જોઈએ અને શું નાબૂદ કરાવું જોઈએ તેનો વિવેક કેવળ એ જ ચેતના કરી શકે, અને એ વિશે તો લેશ પણ શંકા નથી કે એ ચેતના સમક્ષ સૌનું સમાન મૂલ્ય છે, સૌનો પોતાનો ઉપયોગ છે, તેના લીધે જ સર્વ કાંઈ પરિવર્તન પામે છે, પ્રકાશિત બને છે, રૂપાંતરિત થાય છે. જે કોઈ આ પરમચેતના વિશે સજ્ઞાન બને છે અને પોતાની જાત તેને અર્પિત કરે છે, તે તદ્રૂપ બની જાય છે અને આમ પૂરેપૂરા બાહ્ય રૂપના અને માનવીય એવા શુભ અશુભના તમામ ખ્યાલોથી તે ઉપર ઊઠે છે.

અહીં બીજી ધારાથી અસંબંધિત એવી કોઈપણ એક ધારા કે વલણ એ અપૂર્ણ અને એકાંતિક છે. પરમ ચેતનાને આપણા અસ્તિત્વનું આખું ચોકઠું સમર્પિત કરી દેવું એ પર્યાપ્ત નથી. એમાંના જે તત્ત્વોને આપણે જાણતા નથી અને તેથી જેના પર આપણું પ્રભુત્વ નથી તે આ સમર્પણમાંથી છટકી જાય છે અને તે પરમાત્માના નિયમને અનુસરવાને બદલે પોતાના નિયમને અનુસરે છે; પરિણામે જે વ્યક્તિ પોતાની જાતને પરમ ચેતનાની સંપૂર્ણ સેવક ગણે છે તેની અંદર જ આ તથ્ય અનપેક્ષિત વિદ્રોહ અને અનેક પ્રકારની ગરબડોનું નિર્માણ કરે છે. એ પોતાના અસ્તિત્વના એવાં અજ્ઞાત ખૂણાંઓને ભૂલી ગયો હોય છે જેમનો એના જીવન અને પ્રવૃત્તિઓ ઉપર કોઈક દાવો હોય છે અને જે વારાફરતી પોતાનો આવિર્ભાવ કરે છે. અલબત્ત જીવનના કેન્દ્રવર્તી સંકલ્પમાંથી છટકી ગયા હોવાને કારણે પ્રમાણમાં કાંઈક અવ્યવસ્થિત અને વિસંવાદી રીતે.

બીજી તરફ આપણા અસ્તિત્વની નાનામાં નાની વિગતો વિશેની સુભાનતા જો દિવ્ય ચેતના એ આ વિગતોની સર્વ શક્તિમાન શાસક બને છે. હેતુસરની ન હોય અને આપણે એમનું પરમ ચેતનાને નિઃસંકોચ સમર્પણ સિદ્ધ ન કરી શક્યાં હોઈએ તો એ મિથ્યા અને નિરર્થક હોય છે, એટલું જ નહિ, ભયકારી પણ હોય છે.

આ બે વલણોની સમતોલ એકતા સિદ્ધ થાય તો જ આપણે આપણી જાતને સાચા અર્થમાં અને સમગ્રભાવે પરમાત્માની સેવક ગણી શકીએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૩૪૮-૩૪૯)

*

પરમ જ્યોતિ પ્રતિ

કેટલાક લોકો — લગભગ બધા જ તેમની સંવેદનાઓમાં જીવે છે, એ હદ સુધી કે તેઓ કેવળ વર્તમાન ક્ષણ વિશે જ સભાન હોય છે. તેમને સમગ્ર જીવનની ચેતનાનું જ્ઞાન કરાવવું જોઈએ અને એમની લાગણીઓ ક્ષણિક છે અને તેમના જીવનકાળ દરમ્યાન જ એમના સ્થાને બીજી અનેકવિધ અને વિરોધી લાગણીઓ આવી બેસશે એ તેમણે બતાવવું જોઈએ.

મીણબત્તીની જ્યોતિ

જેઓ પોતાના સમગ્ર જીવન વિશે સભાન થયા હોય તેમને પોતાની ચેતનાને પૃથ્વી સાથેની એકતામાં મૂકતાં, વિશ્વના ભાગ્ય સાથે જે જોડાયેલી છે એવી પોતાના અસ્તિત્વની એ ગહનતામાં પ્રવેશ કરતાં શીખવવું જોઈએ. (પૃથ્વીના જીવનાગાળાની સરખામણીમાં એક જીવનનો ગાળાનું તે શું મહત્ત્વ હોય છે !)

ગેસની જ્યોતિ

જેઓ સાંસારિક જીવન વિશે સભાન બન્યા હોય તેમને સફળ વિશ્વની ચેતના સાથે પોતાની ચેતનાને એકતામાં મૂકતાં, તેમ જ જે વિશ્વ સાથે એકરૂપ હોય અને વિશ્વ ટકી રહે ત્યાં સુધી ટકી રહેનારું હોય એવા પોતાની અંદર જ રહેલાં એક તત્ત્વને શોધવાનું શીખવવું જોઈએ; (વિશ્વના જીવનગાળાની) સરખામણીમાં પૃથ્વીના જીવનગાળાનું તે શું મહત્ત્વ હોય છે ! કેવળ એક ઉચ્છ્વાસ !)

વિજળીની જ્યોતિ

જેઓ વિશ્વજીવન અને એના તમામ રૂપો વિશે સભાન બન્યા છે તેમને એવી શાશ્વત ચેતના સાથે પોતાની ચેતનાને એકતામાં મૂકતાં શીખવવું જોઈએ, જેનો ક્યાંક આદિ કે અંત નથી, એ અસીમ છે, જેનાથી પર કશું નથી.

અને એમને માટે અમર જ્યોતિ પ્રગટાવવામાં આવશે.

પરમ જ્યોતિ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૩૫૦)

*

યોગ કરવાનો હેતુ અને એને માટેનો સાદ

'યોગ વિશે અમને કાંઈક કહેશો ?'

તમે યોગ શા માટે કરવા માગો છો ? શક્તિ પ્રાપ્ત કરવા માટે ? અક્ષુબ્ધતા અને શાંતિ મેળવવા માટે ? માનવજાતિની સેવા કરવા માટે ?

જો તમારો હેતુ એમાંનો કોઈ હશે તો તેટલા ઉપરથી તમે આ માર્ગ માટે લાયક છો, અધિકારી છો એમ ફલિત થતું નથી. તમારે જેનો ઉત્તર આપવાનો છે તે ખરો પ્રશ્ન તો આ છે :

'તમે ભગવાનને ખાતર જ યોગ કરવા માગો છો ? ભગવાનને તમારા જીવનના અંતિમ લક્ષ્ય તરીકે તમે સ્વીકારો છો ? અને તે પણ તેના વિના તમે રહી શકો તેમ નથી એટલે સુધી તમને તેની ધગશ લાગી છે ? તમારી જીવનયાત્રાનો એકમાત્ર હેતુ ભગવાન છે ? અને તેના વિના તમને જીવન નિરર્થક, અસાર લાગે છે ?' જો એ પ્રમાણે લાગતું હોય, અને એમ લાગતું હોય તો જ, યોગસાધના માટે તમે અધિકારી છો એમ કહી શકાય.

એટલે પહેલી વસ્તુ છે ભગવાનને પ્રાપ્ત કરવાની ધગશ, અભીપ્સા. ત્યાર પછી બીજી વસ્તુ તમારે એ અભીપ્સાને સંભાળવાની છે, સદા જાગ્રત રાખવાની છે, જીવંત અને

જ્વલંત બનાવવાની છે. એને માટે એકાગ્રતાની, એટલે કે ભગવાનના ઉપર અંતઃકરણની એકાગ્રતાની જરૂર છે, જેથી કરીને ભગવાનની તપઃશક્તિને તથા હેતુને સંપૂર્ણ અને અનન્ય રૂપે આત્મસમર્પણ થાય.

તમારી ચેતનાને તમારા હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઊતરો, એમાં જેટલા અંદર જવાય તેટલા ઊંડા ઊતરો, જ્યાં સુધી જઈ શકો ત્યાં સુધી તેમાં ડૂબકી મારો. તમારા ચૈતન્યની ક્રિયાના જે તાંતણાઓ અંતરમાંથી ચારે બાજુ પ્રસરી રહ્યાં છે તે સર્વને એકત્ર કરો અને પછી તમારા અંતરાત્માની નીરવતામાં ભૂસકો મારો, તેમાં ડૂબી જાઓ.

ત્યાં, અંતરના ઊંડાણની ગહન શાંતિમાં એક અગ્નિ ચેતે છે. તે તમારા અંતરમાં રહેલો ભગવાનનો દિવ્ય અંશ છે. એ તમારી સાચી સત્‌-તા છે. તેનો સાદ સાંભળો, તેના આદેશને અનુસરો.

ચેતનાની એકાગ્રતા (ધ્યાન) કરવા માટે બીજાં કેન્દ્રો પણ છે. ઉદાહરણ તરીકે, મસ્તકની ટોચ ઉપર, તથા ભ્રૂકુટિની વચ્ચે. દરેક કેન્દ્રની પોતાની જુદી જુદી શક્તિ હોય છે અને તેની એકાગ્રતાનું પરિણામ પણ જુદું જુદું હોય છે. પરંતુ અંતરાત્માનું એટલે ચૈત્ય પુરુષનું કેન્દ્ર હૃદય છે, તથા ત્યાંથી જ માનવ ચૈતન્યની મુખ્ય ક્રિયાઓ, સઘળી ક્રિયાશીલતા, પ્રકૃતિનું રૂપાંતર કરવાની પ્રેરણા, તથા સાક્ષાત્કાર કરવાની શક્તિ જન્મે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧-૨)

*

યોગસાધનાના બે માર્ગો

યોગસાધના કરવાના બે રસ્તા છે : એક તપસ્યાનો અને બીજો આત્મસમર્પણનો. તપસ્યાનો માર્ગ અઘરો છે. એ માર્ગમાં તમારે તમારી જાત ઉપર જ આધાર રાખીને ચાલવાનું છે. જેટલી તમારી શક્તિ તેટલું તમે પ્રાપ્ત કરશો, તેટલા તમે ઊંચે ચઢશો. એ રસ્તે ડગલે ને પગલે પતન થવાનો સંભવ હમેશાં રહેલો જ હોય છે. અને એક વાર જો પતન થયું તો ઊંડી ખાઈને તળિયે જઈ પડવાના અને એની અંદરથી વિરલા જ પાછા બહાર આવી શકે છે. પરંતુ સમર્પણનો માર્ગ ખાતરીભર્યો અને સલામત છે. પરંતુ આ માર્ગે જ પશ્ચિમના લોકોને મુશ્કેલી નડે છે. પશ્ચિમના લોકોને પોતાની અંગત સ્વતંત્રતા લઈ લે એવી સઘળી વસ્તુઓનો ભારે ભય હોય છે, અને એવી વસ્તુઓથી દૂર ભાગવાનું તેઓને શિક્ષણ મળેલું હોય છે. માના ધાવણ સાથે જ પશ્ચિમના લોકો પોતાના વ્યક્તિત્વની ચેતના પીએ છે. અને આત્મસમર્પણ એટલે તો એ બધું છોડી દેવું. અર્થાત્‌, રામકૃષ્ણ કહેતા તે પ્રાણે તમે વાંદરાના બચ્ચાં પેઠે યા તો બિલાડીના બચ્ચાં પેઠે સાધનાનો માર્ગ લઈ શકો છો. વાંદરાનું બચ્ચું મા પોતાને લઈ જાય તેટલા માટે તેને વળગે છે. તેણે પોતાની પકડ મજબૂત રાખવી જોઈએ. કારણ કે જો તેની પકડ નરમ પડે યા તો છૂટી જાય તો તે નીચે પટકાવાનું. પરંતુ બિલાડીનાં બચ્ચાંની વાત જુદી છે. તે પોતાની માને વળગતું નથી. ઊલટું તેની મા તેને લઈને હેરવેફેરવે છે. બચ્ચાને નથી હોતો ભય કે નથી હોતી તેને માથે જવાબદારી. તેને પોતાને કાંઈ જ કરવાનું હોતું નથી. મા પોતાને લઈ જાય ત્યાં

તેને લઈ જવા દેવી અને 'મા' 'મા' પોકારવું એ જ એનું કામ રહે છે.

જો આ સમર્પણનો માર્ગ તમે સંપૂર્ણપણે અને પૂરેપૂરી સહૃદયતાથી સ્વીકારો તો યોગસાધનામાં જોખમો યે નથી, તેમ ગંભીર મુશ્કેલીઓ યે રહેતી નથી. મુખ્ય વાત દિલના સાચા થવું, એ છે. જો તમારામાં એવી સહૃદયતા — સાચા — દિલી — ન હોય તો યોગસાધના શરૂ જ ન કરશો. માણસો સાથેના વ્યવહારમાં અસત્ય અને છેતરપિંડીને સફળતા મળવાની થોડી પણ શક્યતા હોઈ શકે, પણ ભગવાનના સંબંધમાં છેતરપિંડીને લેશ માત્ર સ્થાન નથી. દિલના નિખાલસ અને અંતઃકરણના ઊંડાણ સુધી ખુલ્લા હશો અને સાધના કરવાનો એકમાત્ર હેતુ ભગદત્-પ્રાપ્તિ અને ભગવત્-સાક્ષાતકાર કરવો એ જ કેવળ હશે, તથા ભગવાનની પ્રેરણાથી જીવનમાં સંચાલિત થવાનો તમારો આદર્શ હશે તો તમે આ માર્ગમાં આગળ વધી શકશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૫ને ૬)

*

વધુમાં વધુ પ્રચાર કરવા લાયક વિચાર

સામાન્ય દૃષ્ટિબિંદુથી જોતાં મને લાગે છે કે જે વિચારનો પ્રચાર કરવાથી બહુ લાભ થાય તેમ છે તે બે પ્રકારના છે :

(૧) માણસમાં પોતાનામાં જ પૂર્ણ શક્તિ અને જ્ઞાન અને બુદ્ધિમત્તા વસેલી છે અને તેણે જો તેમને પ્રાપ્ત કરવી હોય તો તેણે આત્મનિરીક્ષણ અને એકાગ્રતા કરીને પોતાના સ્વરૂપની ગહરાઈમાં તેમને પ્રાપ્ત કરવાં જોઈએ.

(૨) સર્વે સ્વરૂપોનાં હૃદયોમાં, તેમના કેન્દ્રમાં, આ દિવ્ય ગુણો એકસરખા અનુભવવામાં આવે છે. એમાંથી જ સર્વ વસ્તુઓની તાત્ત્વિક એકતા અને તેમના સંબંધોની ઘનિષ્ઠતા અને ભ્રાતૃભાવ પ્રગટ થાય છે.

સારામાં સારો દાખલો બેસાડવો હોય તો આપણામાં નિર્મળ શુદ્ધિ અને અવિચલ સુખમય શાંતિ હોવી જોઈએ. જે લોકો 'એક જ પ્રભુ સર્વમાં વસી રહ્યો છે' એ વિચારને પૂર્ણપણે જીવી જાણે છે તેમને માટે તો આ વસ્તુ તેમના પદાધિકારની બની જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૨ : ૨૪૪)

*

વૃત્ત વિશેષ

‘સાવિત્રી’ જ્ઞાનયજ્ઞ

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા અને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩-૧-૨૦૧૯થી ૨૯-૧-૨૦૧૯ દરમિયાન શ્રી અંબાપ્રેમીજીની પુણ્યસ્મૃતિમાં ‘સાવિત્રી જ્ઞાનયજ્ઞ’નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રા. અશ્વિન ભાઈ કાપડિયા દ્વારા સંચાલિત આ ૪૪૪મો જ્ઞાનયજ્ઞ હતો. પ્રથમ દિવસે શ્રી અરવિન્દ સોસાયટી વડોદરાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશીએ શ્રી અશ્વિનભાઈ તથા શ્રોતાઓનું સ્વાગત કરીને શ્રી અંબાપ્રેમીજીને સ્મરણાંજલિ અર્પણ કરી અને ‘સાવિત્રી’ના સ્વાધ્યાયની મહત્તા વિશે સંક્ષિપ્તમાં રજૂઆત કરી હતી.

શ્રી અશ્વિનભાઈએ શ્રી અંબાપ્રેમીજીના પુણ્યાત્માને આદરપૂર્વક વંદન કરીને જ્ઞાનયજ્ઞના પહેલા સત્રમાં શ્રી અરવિન્દના ‘અવતાર’ની પૂર્વભૂમિકા રજૂ કરતાં શ્રી અરવિન્દના મહાન પૂર્વજન્મોમાંના એક લિઓનાર્ડો દ વિન્ચી (અગમ વિદ્યાના ઉપાસક, વૈજ્ઞાનિક, દાર્શનિક, ગણિતજ્ઞ અને ચિત્રકાર)ના જીવનના વિવિધ આયામોનો પરિચય કરાવીને શ્રી અરવિન્દ જે શક્તિઓ અને ક્ષમતાઓ સાથે અવતર્યા હતા તે વિશે જણાવ્યું હતું. તદ્‌ઉપરાંત શ્રી અશ્વિનભાઈએ સ્વામી વિવેકાન ંદ, વ્યાસ અને વાલ્મિકી એમ ચાર ‘વી’ (V) નાં દર્શન અને પ્રજ્ઞા વિશે ચર્ચા કરી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન શ્રી અશ્વિનભાઈએ અનેક ભક્તો સંતો, યોગીઓ, દાર્શનિકો અને વૈજ્ઞાનિકોના જીવનના પ્રસંગોને પ્રચૂર માત્રામાં વણી લઈને ‘જ્ઞાનયજ્ઞ’ને વધુ લોકભોગ્ય બનાવ્યો હતો.

સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી અરવિન્દ મૅમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદભાઈ શાહે સૌ શ્રોતાઓ વતી આભાર વ્યક્ત કરતાં શ્રી અશ્વિનભાઈને સૌરભગુચ્છ અર્પણ કર્યો હતો. કાર્યક્રમને અંતે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરરોજ લગભગ ૬૦થી ૭૦ ભાવિકોએ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો. (અહેવાલ : શ્રી કૈલાશ જોશી)

*

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે તા. ૦૩ જાન્યુઆરી, ૨૦૧૯ના દિવસે સવારે ૯-૦૦થી ૧-૩૦ દરમિયાન એક યુવા **શિબિરનું** આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં બી.ટી. કૉલેજ ઑફ બિઝનેશના બી.બી.એના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવનદર્શન ઉપર ૧૨ વિદ્યાર્થીઓએ શિબિરમાં સુંદર રજૂઆત કરી હતી. શિબિરાર્થીઓને શ્રી જ્યોતિબહેન થાનકી તથા ડૉ. સી.કે.તન્નાનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કૉલેજ તરફથી પ્રો. જયેશ તન્ના તથા શ્રી ધમેન્દ્રસિંહ રાઠોડે શિબિર સંચાલનમાં સહયોગ સાધ્યો હતો.

*

શ્રી અરવિન્દ સોસાયટી, ધારી શાખા (ઉન્મિલન) પર દિવ્યાંશ પ્રસ્થાપના દિવસની ઉજવણી તા. ૧૩-૧-૧૯ના રોજ અમરેલી શાખાના શ્રી ધીરુ ભા રાઠોડ, શ્રી દિલહરબા તેમ

જ શ્રી સુરેશભાઈની હાજરીમાં કરવામાં આવી હતી. સવારે ધ્વજવંદન માર્ચ-પાસ્ટ અને સમૂહ ધ્યાન બાદ શ્રી સુરેશભાઈ જોશીએ 'દિવ્યાંશ' વિષય ઉપર તેમ જ શ્રી ધીરુભા રાઠોડે 'ધ્યાન' વિશે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે અમરેલી કેન્દ્ર તથા કેન્દ્રોના સાધકો દ્વારા ધારી કેન્દ્રને દીવાલ બનાવવા માટે રૂા. ૩૧,૫૦૦/-ની સખાવત આપવામાં આવી હતી.

(અહેવાલ શ્રી ભૂપેન્દ્રભાઈ જોશી)

સાભાર સ્વીકાર

શ્રી રમણશિષ્ય રત્નમાલા : લે. કાર્તિકેય ભટ્ટ : પ્રકાશક : યેશા ભટ્ટ, અમદાવાદ (M) 9427327109 : bhatkush@gmail.com. **મુખ્ય વિક્રેતા : ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. ફોન : ૨૬૫૬૦૫૦૪ પૃષ્ઠ સંખ્યા : ૨૮+૩૦૦ સારી ગુણવત્તાવાળા મેપલીથો કાગળ ઉપર સ્વચ્છ છાપકામ. સુઘડ બાંધણી. મુખપૃષ્ઠ પર ભગવાન શ્રી રમણ મહર્ષિની નયનરમ્ય છબી. મૂલ્ય રૂા. ૨૭૫/-.** શ્રી રમણ મહર્ષિના મૌન આધ્યાત્મિક સંક્રમણનો લાભ લેનાર લગભગ ૬૦ શિષ્યરત્નોએ મહર્ષિને પ્રશ્નો પૂછી, મહર્ષિના વાર્તાલાપોની નોંધ કરી, કાવ્યાકૃતિઓ દ્વારા મહર્ષિની સ્તુતિ કરી તથા મહર્ષિની એકનિષ્ઠ સેવા કરી જે અમૃતપાન કર્યું તે જનસમુદાયને સુલભ કરાવી આપવા શ્રી કાર્તિકેય ભટ્ટે પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં ૩૦ મહિના સુધી અનેક પુસ્તકો, સામયિકો, લખાણોને તપાસી જઈ ભગીરથ તપ દ્વારા આ પુસ્તકનું લેખનકાર્ય કર્યું છે.

વિખ્યાત આધુનિક ઋષિ શ્રી એ.જી.ભટ્ટના સુપુત્ર શ્રી કાર્તિકેયભાઈને શ્રી શ્રી આનંદમયી માએ દીક્ષિત કર્યા તો શ્રી રમણ મહર્ષિ, પૂ. શ્રી મોટા પૂ. શ્રી વિમલાબહેન ઠકાર વગેરે મહાત્માઓનું પ્રત્યક્ષ માર્ગદર્શન પ્રાપ્ત થયું તો પોંડિચેરી આશ્રમનાં અધિષ્ઠાત્રી મા મહા ભગવતી સ્વરૂપા શ્રી માતાજીના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા છે. શ્રી કાર્તિકેયભાઈએ પોતાને પ્રાપ્ત થયેલ અમૂલ્ય આધ્યાત્મિક બક્ષિસો લગભગ વીસેક જેટલાં પુસ્તકોના માધ્યમ દ્વારા જનસમુદાય સમક્ષ રજૂ કરી માનવેત્તર કાર્ય કર્યું છે. પ્રસ્તુત પુસ્તકનું વાચન કરી વાચક ભગવાન શ્રી રમણ મહર્ષિના સાંનિધ્યની અનુભૂતિ કરશે એવું નિઃશંક કહી શકાય એમ છે. પુસ્તક પ્રાપ્તિઅર્થે વિક્રેતા/ પ્રકાશકનો સંપર્ક કરો.

– તંત્રી

સાવિત્રી અધ્યયન શિબિર

તા. ૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન અરેરા (નડિયાદથી ૫ કિ.મી. દૂર)ની પાવન ભૂમિ ઉપર સાવિત્રી અધ્યયન શિબિરનું આયોજન શ્રી મા-શ્રી અરવિન્દના અનન્ય ભક્ત શ્રી શિવાભાઈ પટેલની પુણ્યસ્મૃતિમાં શ્રી મનહરભાઈ પટેલ અને એમના કુટુંબીજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

શિબિરમાં મહાકાવ્ય સાવિત્રીના પર્વ ૩, 'ભગવતી માતાનું પર્વ'નો અભ્યાસ કરવામાં આવ્યો હતો. શિબિર સંચાલન શ્રી કિરીટભાઈ ઠક્કરે કર્યું હતું. અઢી કલાકના એક એવા કુલ પાંચ સત્રોમાં પર્વ ૩ના ચારેય સર્ગના વિષયવસ્તુમાં અશ્વપતિની સાધનાની પૃષ્ઠભૂમિમાં વક્તાશ્રીએ શ્રોતાઓને પ્રવેશ કરાવ્યો. શ્રી કિરીટભાઈએ સરળ ભાષામાં 'સાવિત્રી'ની પંક્તિઓનો રસાસ્વાદ કરાવી મા ભગવતીની આરાધનાની સોદાહરણ રજૂઆત દ્વારા શ્રોતાઓની અભીપ્સાને અનુરૂપ

શ્રી માતૃમંદિર – અરેરા

વાતાવરણ સર્જયું હતું. શિબિર દરમિયાન અને અંત ભાગે શ્રી કિરીટભાઈએ શ્રોતાઓના પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તરો પણ આપ્યા. ચૈત્યપુરુષ વિશેના પ્રશ્નોના શ્રી કિરીટભાઈએ આપેલા દાખલા સહિત ઉત્તરો સાંભળી શ્રોતાઓ ભાવવિભોર થયા હતા. શિબિર દરમિયાન ડૉ. સી.કે.તન્ના તથા શ્રી ભારતસિંહ ઝાલાએ 'દૈનિક જીવનમાં સાધના' તથા 'ભારતીય તત્ત્વ દર્શન' ઉપર ટૂંકી રજૂઆતો કરી હતી.

શિબિરમાં, ધ્વજારોહણ, ધ્વજવંદન, યોગાસનો, હળવી કસરતો, પ્રાણાયામ તથા ૯ ફેબ્રુઆરીની રાત્રિએ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શિબિરમાં વડોદરા, અમદાવાદ, નડિયાદ, જંત્રાલ, ઈડર, ગાંધીનગરના ૩૫થી ૪૦ સાધકોએ ભાગ લીધો હતો. શિબિરના કાર્યક્રમોના સંચાલનમાં શ્રી રમેશભાઈ ત્રિવેદીને શ્રી ભક્તિબહેન પટેલ, ડૉ. રાવ તેમ જ અન્ય સહકાર્યકરોનો સાથ સાંપડ્યો હતો. શ્રી રમેશભાઈ ત્રિવેદીએ ૧૫ મે ૧૯૫૫માં અરેરામાં થયેલ પ્રથમ શ્રી અરવિન્દ શિબિર વિશે સુંદર માહિતીસભર રજૂઆત દરેક સત્રના પ્રારંભે કરીને શ્રી અંબુભાઈ, શ્રી સુન્દરમ્, શ્રી શિવાભાઈ પટેલને હૃદયાંજલિઓ અર્પણ કરી હતી. તથા ૧૯૫૫ની શિબિરને પ્રાપ્ત થયેલ શ્રી માતાજીના વિશિષ્ટ આશીર્વાદ તથા અરેરાને શ્રી માતાજીએ આપેલા વિજયધ્વજનો વારંવાર ઉલ્લેખ કરી શ્રી માતાજી પરતવે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરી હતી. સમગ્ર શિબિર દરમિયાન શિબિરાર્થીઓએ શ્રી માતાજીની સઘન સંનિધિની અનુભૂતિ કરી. આયોજકોના સુંદર, સુચારુ, આયોજનથી શિબિરાર્થીઓએ પ્રસન્નતાનો અનુભવ કર્યો.

(અહેવાલ : શ્રી ભક્તિ પટેલ)

જીવનમાં તમને કોઈ સખત ફટકો પડે, લોકો જેને ઘોર આપત્તિ ગણે છે તેવો કોઈ બનાવ તમારા જીવનમાં બની આવે તેવે વખતે પણ તમે આ દૃષ્ટિથી કામ કરી શકો છો. આવા પ્રસંગે લોકો સૌથી પ્રથમ તો એ આપત્તિને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે, જાણે કે પોતાને એ બધું ભૂલી જતાં બહુ વાર લાગવાની હોય ! અને આ ભૂલવા માટે લોકો ભાતભાતની વસ્તુઓ કરે છે. આવા આઘાતની વ્યથામાંથી રાહત મેળવવા માટે તેઓ કોઈ બીજી વસ્તુમાં મન પરોવવા પ્રયત્ન કરે છે. અને મનને કોઈ બીજી વસ્તુમાં પરોવવી એટલે કે અર્થહીન વસ્તુઓ કરવી. એવી પ્રવૃત્તિઓ કરતાં માણસ પોતાની ચેતનામાં નીચે સરકી પડે છે, પોતાની ચેતનાને ઊંચે લેવાને બદલે નીચે ઘસડી જાય છે. એટલે તમારા જીવનમાં જો કોઈ આવી અત્યંત દર્દમય વસ્તુ બની આવે તો તેવે વખતે તમારી જાતને લાગણી શૂન્ય બનાવી દેવાનો પ્રયત્ન ન કરશો, તેને ભૂલી જવાનો, અચેતનામાં ઊતરી જવાનો પ્રયત્ન ન કરશો. એમ ન કરતાં તમે તમારી ચેતનામાં આગળ વધો. તમારા દર્દની ઠેઠ ભીતરમાં પહોંચી જાઓ અને ત્યાં તમને એ દર્દની પાછળ જે એક પ્રકાશ, એક સત્ય, શક્તિ અને આનંદ છુપાઈ રહેલાં હોય છે તે મળી આવશે. પરંતુ આ વસ્તુ કરવાને માટે તમારે મહા મક્કમ રહેવું પડશે, નીચે સરકી પડવાને ઘસીને ના પાડવી પડશે.

આવી રીતે તમારા જીવનના સર્વ બનાવો, પછી તે નાના હો કે મોટા, પ્રગતિ માટેની એક તક બની શકે છે. જીવનની નાની નાની ક્ષુદ્ર બાબતો પણ, તમને જો તેનો લાભ લેતાં આવડે તો, તમને નવાં નવાં સત્યોનું પ્રાકટ્ય કરી આપી શકે છે. તમારે જ્યારે કોઈ એવું કામ કરવાનું હોય કે જેમાં તમારું બધું ધ્યાન વાપરવાની જરૂર ન હોય ત્યારે એવે પ્રસંગે તમે તમારી અવલોકન શક્તિને ખીલવવાનો પ્રયત્ન કરજો. અને તમે જોશો કે એમાંથી તમને બહુ જ રસિક વસ્તુઓ મળી આવશે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃષ્ઠ ૯૪થી ૯૬)

(વર્ષ ૦૫ : અંક ૩)

RNI NO GUJGUJ/2015/60353

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.